Reg. No. B. 876.

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું,

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

વર્ષ ૧ લું.

# બુદ્ધિપ્રભા.

( LIGHT OF REASON. )

અંક ૧૧ મો.

नाहं पुद्गलभावानां कर्त्ताकारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यत कथम् ॥

પ્રગટકર્ત્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક બોર્ડીંગ;
નાગોરીસરાહ-અમદાવાદ

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| દયા. ... ... | ૩૨૧ | બોડીંગ પ્રકરણ ... ... | ૩૪૩ |
| ગુરૂબોધ ( દયારત્ન ) ... | ૩૨૨ | જૈનધાર્મિક જ્ઞાન ... | ૩૪૫ |
| સિદ્ધ ક્ષેત્ર ... ... | ૩૩૦ | જૈનધાર્મિક જ્ઞાન' જ્ઞાનથી થતા | |
| ચેતન શક્તિ ... ... | ૩૩૭ | ફાયાદા જ્ઞાનનું માહાત્મ્ય ... | ૩૪૯ |
| દાન ... ... | ૩૩૯ | | |



ગાયકવાડ કેળવણી ખાતા તરફથી

ઇનામ તથા લાયબ્રેરી માટે

મંજુર થયેલું

# ગુરૂદર્શન

જેમાં દાન, શીળ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાન એ સાત સદ્દગુણો ઉપર બહુજ અસરકારક શૈલિમાં દ્દષ્ટાંતો સહિત વિવેચન કરવામાં આવ્યું છે આ ગુરૂદર્શનમાં ઉચ્ચ જીવન ગાળવાને અત્યંત ઉપયોગી વ્યવહારિક સુચનાઓ ( Practical hints ) આપવામાં આવેલીછે. તેનું હિંદી ભાષાંતર પણ છપાઈ તૈયાર છે. કીંમત ૦-૬-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ૦-૪-૬ પોસ્ટેજ સાથે.
પુસ્તક મળવાનું ઠેકાણું—બુદ્ધિપ્રભા ઓફીસ—અમદાવાદ.

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલપૅાપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઈપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી ઇસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઈ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

" બુદ્ધિપ્રભા " ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason.)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું તા. ૧૫ મી ફેબ્રુઆરી સન ૧૯૧૦. અંક ૧૧ મો.

### દયા.

ગઝલ.

દયાના ઉચ્ચ સિદ્ધાંતો, ખરેખર જ્ઞાનિયો જાણે;
દયાથી શાંતિ છે સાચી, ખરેખર જ્ઞાનિયો માણે. ૧
દયાની વાત છે સાચી, રહ્યો હું તેહમાં રાચી;
દયાવણ ખૂબ અંધારૂં, દયાવણ કર્મ નહિ ન્યારૂં. ૨
દયા એ ધર્મ છે મોટો, દયાવણ ધર્મ છે ખોટો,
દયાવણ મોક્ષ નહિ ક્યારે, દયાવણ ધર્મને હારે. ૩
દયાવણ ધર્મી નહિ કોઇ, વિચારો જ્ઞાનથી જોઇ;
જીવો છે જીવવત્ વ્હાલા, વિચારે શાંતિ સુખમાલા. ૪
જીવો સહુ મિત્ર છે મારા, સ્વભાવે સિદ્ધસમ ધાર્યા;
દયા છે દ્રવ્યને ભાવે, વિચારો મુક્તિસુખ થાવે. ૫

નહિ કોઇ કોઇનું વૈરી, નહિ કોઇ કોઇનું ઝેરી;
દયાના ભાવથી દેખું, દયાના ભાવથી લેખું. ૬
ચિદાનંદ તારવા માટે, દયાની વાત શિર સાટે;
બુદ્ધયબ્ધિ ચિત્તમાં ધારી, અનંતુ સુખકરનારી. ૭

---

# ગુરૂબોધ (દયારત્ન.)

(અનુસંધાન ગયા અંકના પૃષ્ઠ ૨૯૭ થી.)

( લેખકઃ—મુનિશ્રી બુદ્ધિસાગરજી મુ. પાલીતાણા. )

**દયાના અપેક્ષાએ અનેક ભેદ પડે છે.**

દયાના અપેક્ષાએ અનેક ભેદ પડે છે—જૈનશાસ્ત્રોમાં દયાના ભેદોનું અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી વર્ણન કર્યું છે—દયાના મુખ્યતાએ બે ભેદ પડે છે. **દ્રવ્યદયા** અને **ભાવદયા.** તેમાં જીવોના પ્રાણોનું રક્ષણ કરવું તેને **દ્રવ્યદયા** કહે છે અને જીવના જ્ઞાનદર્શન ચારિત્રાદિભાવ પ્રાણોનું રક્ષણ કરવું તેને **ભાવદયા** કહે છે. દ્રવ્ય દયાથી જીવ પુણ્યાદિક પ્રાપ્ત કરી ઉત્તમગતિ પ્રાપ્ત કરે છે અને **ભાવદયાથી** જ્ઞાનદર્શન ચરિત્રાદિ લક્ષ્મી પામી મોક્ષ પ્રાપ્ત કરે છે. દ્રવ્ય દયાના કરનારા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો પણ હોય છે.

**દ્રવ્યદયા કરતાં ભાવદયા અનંત ગુણ હિતકારક છે.**

અને **ભાવદયાના** કરનારા તો **સમ્યગ્દૃષ્ટિજીવો** હોય છે. દ્રવ્ય દયાથી આત્મા ભાવદયાને પામી શકે છે, સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ વિના ભાવદયા હોઈ શકતી નથી—પોતાના આત્માનું સ્યાદ્વાદદૃષ્ટિથી સ્વરૂપ ઓળખતાં ભાવદયા પ્રાપ્ત થાય છે. ભાવદયા કરનારો જીવ ચઉદરાજ લોકમાં વર્તનારા જીવોને અભયદાન અર્પે છે. **ભાવદયા** બે પ્રકારની છે **સ્વભાવદયા** અને **પરભાવદયા**—પોતાના આત્માની જ્ઞાનાદિ ગુણથી ઉન્નતિ કરવી—આત્માના સહજ રૂપમાં રમણતા કરવી તે **સ્વકીય ભાવદયા** કહેવાય છે અને અન્ય આત્માઓને તત્ત્વબોધ આપીને **સમ્યક્ત્વનો** લાભ આપવો તે **પરભાવદયા** કહેવાય છે—**દ્રવ્યદયાના** આશયભેદે અનેક ભેદો હોય છે, પોતાના પ્રાણોની રક્ષા કરવી તે **સ્વદ્રવ્યદયા** અને પરઆત્માઓના પ્રાણોની રક્ષા કરવી તે **પરદ્રવ્યદયા** જાણવી—તેમજ

દયાના બે ભેદ છે. **વ્યવહારદયા અને નિશ્ચયદયા** સર્વ જીવોની અનેક બાહ્ય ઉપાયોથી દયા કરવી તે **વ્યવહારદયા** કહેવાય છે અને આત્માને કર્મથી રહિત શુદ્ધ કરવા જે દયાનો પરિણામ થાય છે તેને નિશ્ચય દયા કહે છે—**દ્રવ્યદયા** તો ઘણીવાર થઇ. પણ **ભાવદયા**ની પ્રાપ્તિ વિના ભવનો અંત આવ્યો નહીં—દ્રવ્યદયા અત્યંત ઉપયોગી છે પણ ભાવ દયાની પ્રાપ્તિ થાય તો ભવાંત થાય, ભાવ દયા વિના પરમાત્મા થઈ શકાતું નથી. **ભાવદયા** પાળતાં **દ્રવ્યદયા** તો સહેજે પળાય છે. ભાવ દયાની પ્રાપ્તિ માટે આત્મ જ્ઞાનની આવશ્યક્તા છે. ભાવદયા વિના મુક્તિનું સુખ પ્રાપ્ત થતું નથી. માટે શાસ્ત્રકારો સ્થળે સ્થળે ભાવ દયાની આવશ્યક્તા જણાવે છે, ભાવ દયારૂપ સૂર્યની આગળ દ્રવ્યદયાતો એક ખદ્યોત (આગીઆ) સમાન છે. ચતુર્થ ગુણુ સ્થાનકથી ભાવદયાની પ્રાપ્તિ થાય છે, શ્રીવીરપરમાત્માએ સદુપદેશદ્વારા સકલ સંઘને ભાવદયાની પ્રાપ્તિ માટે મુખ્યત: પ્રયાસ કર્યો છે. **બુજ્જહ બુજ્જહ.** બોધપામ બોધપામ. આ પ્રમાણે શ્રીવીરનાં વાક્યો ભાવદયાની અત્યંત આવશ્યક્તા જણાવે છે, શ્રુત જ્ઞાનનું ભણવું ભણાવવું પણ મુખ્યતાએ ભાવદયાને માટે હોય છે. અરે આત્મા જો ત્હને વિવેકચક્ષુ ઉઘડયાં હોય તો ભાવદયા માટે યત્ન કર. સદ્ગુરૂનું સેવન કરી ભાવદયાની પ્રાપ્તિ કર. ભૂતકાળમાં જે જે જીવો સિદ્ધ થયા, થાય છે અને થશે તે સર્વ ભાવદયાના બળથી અવબોધવા.અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુની પદવી પણ ભાવદયાથી પ્રાપ્ત થાય છે. સ્થૂલ દૃષ્ટિવાળા જીવોથી ભાવદયા તરફ લક્ષ ન આપી શકાય તેથી તેમાં તેની સ્થૂલમતિનો દોષ છે. ત્રણ કાલમાં પણ વિચારતાં માલુમ પડે છે કે ભાવદયાના પાળનારા અલ્પ હોય છે, મિથ્યાદૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિજીવો અલ્પ હોય છે એવો સ્વાભાવિક નિયમ છે. જે ભવ્યો અન્ય જીવોને સમકિત (સમ્યક્ત્વ) અર્પે છે તે જીવો ભાવદયા કરનારા જાણવા. ભાવદયા કરનારનો ત્રણ કાલમાં પણ અનેક ઉપાયોથી પ્રત્યુપકાર થઇ શકતો નથી. દ્રવ્ય કરતાં અન્ય જીવની હિંસા થઇ શકે છે પણ ભાવદયામાં તો તેમ હોઇ શકતું નથી. પ્રત્યેક જીવોને જૈનધર્મની સમ્યક્ જે પ્રાપ્તિ કરાવે છે તે **ભાવદયા**નો લાભ ખરેખર પ્રાપ્ત કરી સર્વ કર્મનો ક્ષય કરી પરમપદ પ્રાપ્ત કરે છે ભાવદયાના દૃષ્ટાંતો મુક્તિ ગએલા સર્વ જીવો જાણવા.

દ્રવ્યદયાનું વર્ણન તો મહાત્માઓએ સ્થૂલ બુદ્ધિવાળાઓને બોધ થવા માટે અનેક શાસ્ત્રોમાં યુક્તિપૂર્વક કર્યું છે; **દયા**ના સંબંધમાં શ્રીયોગ શાસ્ત્રમાં નીચે પ્રમાણે સ્વરૂપ બતાવ્યું છે.

श्लोक.

आत्मवत् सर्वभूतेषु, सुखे दुःखे प्रियाप्रिये.
चिन्तयन्नात्मनो निष्ठां, हिंसा मन्यस्य नाचरेत् ॥ १ ॥

સર્વ ભૂતમાં સુખ દુઃખ, પ્રિય, અપ્રિયમાં આત્માની પેઠે સર્વમાં દેખતો ભવ્ય પ્રાણી અન્યની હિંસા કરે નહીં—

श्लोक.

हिंसा विघ्नाय जायेत, विघ्नशान्त्यै कृतापिहि.
कुलाचार धियाप्येता, कृता कुलविनाशिनी ( १ )
दमो देव गुरुपास्ति दानमध्ययनं तपः
सर्वमप्ये तदफलं, हिंसां चेन्न परित्यजेत् ॥ २ ॥

વિઘ્નશાંતિ માટે કરેલી હિંસા પણ વિઘ્નમાટે થાય છે આથી એમ ભવ્ય જીવોએ સમજવું કે–જે લોકો, કોલેરા પ્લેગ વગેરે થાય છે ત્યારે દેવીના ભોગ માટે બકરાં પાડા વગેરેની હિંસા કરે છે પણ ખરેખર તે અજ્ઞ લોકો ભૂલે છે. કુલાચારની બુદ્ધિથી કરેલી હિંસા પણ કુલનો નાશ કરનારી થાય છે. પાંચ ઇંદ્રિયોનું દમવું, દેવ ગુરૂની સેવા, સુપાત્રે દાન દેવું, ધર્મ શાસ્ત્રનું ભણવું, તપશ્ચર્યા કરવી, ઇત્યાદિ સર્વ કરણી દયાવિના નિષ્ફળ છે. દયાવિના સર્વ ધર્મ કરણી નિષ્ફલ જાણવી. કેટલાક લોકો દયાને માટે ઉચ્ચ વિચાર ધરાવતા નથી તે આત્માની ઉચ્ચ સ્થિતિ કરી શક્તા નથી. વંશ ક્રમથી આવેલી હિંસાનો પણ ભવ્ય જીવોએ ત્યાગ કરવો જોઇએ કહ્યુંછે કે—

श्लोक.

अपि वंशक्रमायातां, यस्तु हिंसां परित्यजेत्.
स श्रेष्ठः सुलसइव, काल सौकारिकात्मजः १

વંશ ક્રમાયાત હિંસાનો જે ત્યાગ કરે છે તે કાલસૌકરિકપુત્ર સુલસની પેઠે શ્રેષ્ઠ જાણવો. પૂર્વે રાજગૃહી નગરીમાં કાલસૌકરિક નામનો કસાઈ રહેતો હતો. તેનો પુત્ર સુલસ હતો. કાલસૌકરિક કસાઇ પોતાની જ્ઞાતિના પાંચસેં કસાઈમાં મોટો હતો. તેના પુત્ર સુલસને અભયકુમારની સાથે મિત્રતા હતી. અભયકુમારની સંગતિથી સુલસ જૈનધર્મ પામ્યો, શ્રાવક થયો, શ્રેણીક રાજાએ

**સુલસનું ચરિત્ર.**

વાર્યો છતો પણ કાલસૌકરિકકસાઈ નિત્ય પાંચસે પાડા મારવા લાગ્યો. રૌદ્રધ્યાનના પરિણામ યોગે કાલસૌકરિકકસાઇ મૃત્યુ પામી સાતમી નરકમાં ગયો. સુલસના પિતા મરણ પામવાથી સર્વજ્ઞાતિ વર્ગે ભેગા થઇ સુલસને કહ્યું કે, હે સુલસ તું ત્હારા પિતાનું પદ ગ્રહણ કર અને પશુઓનો વધ કરી કુટુંબનું પોષણ કર. જ્ઞાતિવર્ગનું આ પ્રમાણે કથન સાંભળી સુલસ કહેવા લાગ્યો કે, હું શીરીતે કુટુંબનું પોષણ કરૂં જ્ઞાતિવર્ગે કહ્યું કે જીવોની હિંસા કરીનેજ—સુલસે વિચાર કરીને કહ્યું કે પ્રાણીઓના વધથી ભેગું કરેલું ધનતો તમે સર્વ ભેગા મળીને ખાશો અને પાપ થાય તે તો મ્હારે એકલું ભોગવવું પડે તેનું કેમ ! શું તમે પાપમાં ભાગ પડાવી શકશો ? જ્ઞાતિવર્ગ ત્યારે કહેવા લાગ્યો કે પાપમાં પણ ભાગ વ્હેંચીને લેઇશું—સુલસે મનમાં વિચારીને પોતાના પગ ઉપર છરો માર્યો તેથી લોહી દડદડ નીકળવા લાગ્યું, વેદનાથી બુમો પાડવા લાગ્યો અને જ્ઞાતિવર્ગને કહેવા લાગ્યો કે, અરે સગાં વ્હાલાંઓ મ્હને અત્યંત વેદના થાય છે, માટે મ્હને થતી વેદનામાં ભાગ પડાવો. સુલસનું આવું સયુક્તિક વચન શ્રવણ કરી જ્ઞાતિવર્ગ કહેવા લાગ્યો કે, અરે વેદના શું કોઇનાથી લેઈ શકાય ? ત્યારે સુલસ કહેવા લાગ્યો કે અહો ત્યારે તમે મને લાગતા પાપમાંથી ભાગ શી રીતે પડાવી શકશો. સુલસના વચનથી સર્વજ્ઞાતિવર્ગ મૌન રહ્યો, ત્યારે સુલસ કહેવા લાગ્યો કે, અરે માંસના લાલચુઓ તમો પાપની બુદ્ધિથી કંઇ પણ સત્યાસત્યનો

**સુલસનો ઉપદેશ.**

વિચાર કરી શકતા નથી, અરે તમે કેમ વિચાર કરી શકતા નથી વંશપરંપરાથી કરવામાં આવેલી હિંસા પાપરૂપ ફળ આપ્યા વિના કદી રહેવાની નથી તમારા હિંસાના વિચારનું ફળ તમને મળ્યા વિના કદી રહેનાર નથી. ત્રણ કાલમાં પણ હિંસાથી ધર્મની ઉત્પત્તિ થઈ નથી અને થવાની નથી. જે જીવ જેવાં કર્મ કરે છે તેવાં ફળ તે ભોગવે છે. હિંસાના કરનારા અનેક જીવો નરકમાં જાય છે અને જશે આ પ્રમાણે સુલસે ઉપદેશ આપ્યો. સુલસ. જીવ દયા પાલી સુગતિ પામ્યો. તે પ્રમાણે જે જીવો જીવદયા પાળે છે તે પણ સુગતિ પામે છે. પોતાનું માંસ કોઇ ખાવા ધારેતો પોતાના મનમાં જેવું લાગે છે તેવું જ અન્યજીવોને પણ લાગે છે. માંસના ભક્ષકોથી જગત્માં પાપની વૃદ્ધિ થાય છે અને તેથી અનેક પ્રકારના રોગો ઉદ્ભવે છે. જે દેશમાં પુષ્કળ જીવોની હિંસા કરવામાં આવે છે ત્યાંના લોકો ઉપર અનેક પ્રકારનાં દુઃખનાં વાદળાં તુટી પડે છે. હિંસાથી અનેક

**હિંસાથી રોગોની ઉત્પત્તિ થાય છે.**

કોલેરા પ્લેગ વગેરે દુષ્ટ રોગો ફાટી નીકળે છે જ્વાલામૂખી પર્વતો ફાટવાથી દેશના દેશ અને નગર ગામો

ઘટાઇ જાય છે. જે લોકો હિંસાના ધંધા કરે છે તે અંતે માનસિક ખરાબ સ્થિતિ ભોગવીને દુર્ગતિમાં અવતરે છે હિંસાના કરનારા જીવો આખી દુનિયામાં અશાંતિ ફેલાવે છે. જેમ એક તળાવમાં કોઇ છોકરો જોરથી પત્થર ફેંકે છે તો આખા તળાવમાં તેથી કુંડાળાં થાય છે તેમ કોઈ જોસભેર હિંસાના પરિણામથી હિંસા કરે છે તો અનેક મનુષ્યો ઉપર હિંસાની અસર કરે છે.

**જેની હિંસા કરવામાંઆવેછે તે જીવો પણ હિંસકની સાથે વૈર બાંધે છે.**

હિંસક જે જે પ્રાણીઓને મારી નાંખેછે તે તે જીવોની સાથે તે વૈર બાંધે છે અને તેથી પરભવમાં મરનારા જીવો અનેક પ્રકારે વૈરવાળવા પ્રયત્ન કરે છે. શ્રીવીરભગવાને પૂર્વ ભવોમાં જે જે જીવોને તાડના-તર્જના કરી હતી તેવા જીવોએ વીરપ્રભુ સાથે વૈર બાંધીને તેમને ઉપસર્ગો કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. શાસ્ત્રોમાં આ સંબંધી અનેક દૃષ્ટાંતો જણાવ્યાંછે જીવની હિંસા કરનારાઓની ઉન્નતિ થઇ શકતી નથી. ખરા આનંદથી ઘાતકો દૂર રહે છે, પરમશાંતિનું તેઓ સ્વપ્નમાં પણ દર્શન કરી શકતા નથી. હિંસકો ક્રૂર-વિચારથી અનેક પ્રકારનાં કર્મ બાંધે છે. હિંસા કરવાથી આ જગતમાં કોઈ

**હિંસાથી કોઇદેશની ઉન્નતિ થઈ નથી.**

દેશની કદી ઉન્નતિ થઈ નથી અને થવાની નથી, કેટલાક કહે છે કે, હિંસકો શાંતપ્રજાને જીતી પોતાના કબજામાં લેછે. આ પ્રમાણે તેમનું બોલવું યુક્તિહીન છે. હિંસકો જે અન્ય હિંસકો જીતેછે. જેમ જેમ બળવાનહિંસક હોય તે અન્યને જીતવાનો. જ્યારે આમ થશે ત્યારે દેશમાં મારામારી, ક્લેશ, વૈર, અશાંતતા ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામવાની અને તેથી દેશની પાયમાલી થવાનીજ માટે હિંસાથી દેશની ઉન્નતિ થાય છે એમ કહેવું તે આકાશ કુસુમવત્ અસત્ ઠરે છે. હિંસાપ્રતિપાદ શાસ્ત્રો બનાવીને પાપી જીવો વિશ્વાસીઓને નરક ગતિમાં ખેંચે છે કહ્યું છે કે.

## શ્લોક.

विश्वस्तो मुग्धधीर्लोकः पात्यते नरकावनौ.
अहो नृशंसै र्लोभांधै र्हिंसा शास्त्रो पदेशकैः ॥ १ ॥
यदाहुः यज्ञार्थं पशवः सृष्ठाः, स्वयमेव स्वयंभुवा.
यज्ञोऽस्यभूत्यै सर्वस्य तस्माद् यज्ञे वधोऽवधः ॥ २ ॥

मधुपर्केच यज्ञेच, पित्र्ये दैवत कर्म्माणि.
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्य ब्रवीन्मनुः ॥ ३ ॥

एष्वर्थेषु पशून् हिंसन्, वेदत त्त्वार्थविद् द्विजः
आत्मानंच पशूंश्चैव, गमयत्युत्तमां गतिं ॥ ४ ॥

ये च : क्रूर कर्म्माणः शास्त्रं हिंसोपदेशकं
क्वते यास्यान्ति नरके, नास्तिकेभ्योऽपिनास्तिकाः ॥ ५ ॥

देवोपहार व्याजेन, यज्ञ व्याजेन ये ऽथवा.
घ्नन्ति जंतून् गतघृणा, घोरंते यान्ति दुर्गतिं ॥ ६ ॥

હિંસાના શાસ્ત્રોના ઉપદેશવડે ભોળામાણસો ભરમાય છે. કેટલાકતો કહે છે કે પ્રભુએ પોતાની ઇચ્છાએ યજ્ઞના માટે પશુઓ બનાવ્યા છે અને યજ્ઞ સર્વની ઉન્નતિ માટે થાય છે માટે યજ્ઞમાં વધ કરવામાં આવે છે તે અવધ છે એમ જે મનુષ્યો કહે છે તે ખરેખર અજ્ઞ છે. ઇશ્વરને જગત્ બનાવવાનું કંઈ પ્રયોજન નથી તેમજ યજ્ઞની પણ ઇશ્વરને જરૂર નથી તો યજ્ઞનામાટે પશુઓ બનાવ્યા એમ કહેવું તે કલ્પનામાત્ર છે.

મધુપર્ક, યજ્ઞ, પિત્ર્ય દૈવત કર્માદિ માટે પશુઓ બનાવ્યા છે એમ મનુ કહે છે પણ તે યોગ્ય નથી. કારણ કે જ્યારે ઇશ્વર કર્તા સિદ્ધ થતો નથી ત્યારે યજ્ઞના માટે પશુઓ બનાવ્યા એમ કહેવું તે કલ્પના માત્ર છે.

યજ્ઞાદિ માટે પશુ હિંસા કરનારા તથા કરાવનારા ઉત્તમગતિ પામે છે એમ કહેવું તે પણ **અસત્ય**છે. ઇશ્વર કોઇ પણ જીવની હિંસા કરવા આજ્ઞા આપતો નથી. જે ક્રૂર કર્મિજીવો હિંસાનાં શાસ્ત્ર બનાવે છે અહો તે કઈ ગતિમાં જશે? દેવતાને ભેટના બ્હાનાથી વા યજ્ઞના બ્હાનાથી જે મનુષ્યો પશુ પંખીઓનો નાશ કરે છે તેમની દુર્ગતિ થાય છે. મનુષ્યોમાં જેમ આત્મા છે તેમ પશુ પંખીઓમાં પણ આત્મા છે, મનુષ્યોને જેમ જીવવું વ્હાલું લાગે છે અને ભયથી કંપે છે તેમ પશુ પંખીઓને પણ જીવવું વ્હાલું લાગે છે અને તે ભયથી કંપે છે. મનુષ્યો જેમ મૃત્યુના ભયથી રૂદન કરે છે તેમ પશુ પંખીઓ પણ મરતી વખતે રૂદન કરે છે; પાપી પેટ ભરવાને માટે જે લોકો પ્રાણિયોની હિંસા કરે છે તે ખરેખર પોતાની પણ હિંસા કરે છે; અન્ય જીવોની લાગણી દુઃખવવાથી પણ પરિપૂર્ણ જીવદયા બનતી

**મન વચન અને કાયાથી હિંસાનો ત્યાગ કરવો જોઇએ.**

નથી. મન-વચન. અને કાયાથી કોઇપણ જીવની હિંસા કરવી નહીં તંદુલ મત્સ્યની પેઠે મનથી હિંસા કરતાં સાતમી નરકમાં જવાય છે. વાણીથી હિંસાનું વચન બોલતાં પાપ લાગે છે કાયાથી હિંસા કરતાં પણ કર્મનો બંધ થાય છે કેટલાક લોકો દયાધર્મને પાળવાનો ફાંકો રાખે છે પણ મનમાં અનેકનું ભુંડું કરવારૂપ હિંસા કરે છે. અનેક મનુષ્યોને સંકટમાં પાડવાના વિચારો કરે છે. બ્હારથી તો શાંત જેવા દેખાય છે પણ મનમાં તો કુડ-કપટ વિશ્વાસઘાત અનેક જીવની હિંસાના વ્યાપારો વગેરેથી માનસિક હિંસા કરે છે. પશ્ચાત્ માનસિક હિંસાના વિચારોની સ્થૂલ વાણી તથા કાયા ઉપર અસર થાય છે અને તેથી તેમનો આત્માહિંસક બને છે. જે જીવો પરનિંદા કરે છે તે પણ એક જાતની મનથી હિંસા કરે છે. અને તેથી તે દુર્ગતિમાં અવતરે છે. કેટલાક કાલિકસૂરિની પેઠે મનથકી કાયાની અશક્તિએ હિંસા કરે છે તે કંઇ દયાવાન્ અંતરથી કહેવાય નહીં. કેટલાક લોકો આર્તધ્યાન અને રૈદ્રધ્યાનને મનમાં ધ્યાવી પ્રસન્નચંદ્રરાજર્ષિની પેઠે નરક યોગ્યકર્મ ઉપાર્જન કરે છે. કોઇપણ જીવનું મનમાં બુરૂ ચિંતવનાર ખરેખર હિંસક ગણાય છે.

કેટલાક જીવો કોઈ જીવનું રક્ષણ કરતાં દયા કરતાં અન્ય ઉપર વૈરની વા મારંમારાની વૃત્તિ કરે છે તે જીવો ખરેખરી દયાનો મર્મ સમજી શકતા નથી.

**જે જ્ઞાની છે તે દયા પાળી શકે છે. પઢમંનાણં તઓ દયા સૂત્ર.**

જ્ઞાન વિના જીવનું સ્વરૂપ સમજાતું નથી અને જીવોનું સ્વરૂપ સમજ્યા વિના દયા પાળી શકાતી નથી. દશવૈકાલિકમાં શય્યાંભવસૂરિ કહે છે કે, પ્રથમ જીવાદિક પદાર્થનું જ્ઞાન કરો. પરિપૂર્ણજ્ઞાન વિના પરિપૂર્ણ દયા થઈ શકવાની નથી. જેટલું જાણશો તેટલું આચારમાં મૂકશો. જ્ઞાન વિના જે દયા દયા પોકારે છે તે ખરેખર પોતાની હાંસી અન્ય પાસે કરાવે છે જ્ઞાન વિના દયા કરતાં ઉલટી હિંસા થાય છે જે વૈદ્યને વૈદકનું જ્ઞાન નથી તે ખરેખર ઉંટવૈદુ કરી અન્ય મનુષ્યોના પ્રાણનો નાશ કરશે. જેમ જ્ઞાન વિના દયા કરો ઇત્યાદિ પોકારનારા ઉચ્ચ દયાનો આશય સમજી શકતા નથી. જ્ઞાન વિના દયા કરતાં એક ડોશીની પેઠે ઉલટી જીવની હિંસા થાય છે તે દૃષ્ટાંત જણાવે છે,—

એક નગરમાં એક ડોશી રહેતી હતી, તે અજ્ઞાન હતી તેના કુળી-

**એક ડોશીએ કરેલી દયા.**

વામાં એક પુરાણી કથા વાંચવા આવ્યો. પુરાણીએ કહ્યું કે **દયા ધર્મકા મૂલ હે પાપમૂલ અભિમાન તુલસી દયા ન છાંડીએ જબલગ ઘટમેં પ્રાણ.** દયા તેજ ધર્મનું મૂળ છે, સર્વ જીવોની દયા કરવી. દયા કરવાથી ભગવાન્ રાજી રહે છે. આ પ્રમાણે પુરાણીનું વચન ડોશીએ સાંભળી નિશ્ચય કર્યો કે હવે આપણે જીવોની દયા કરવી. એક દીવસ ડોશી વગડામાં ગઇ હતી, ઉનાળાનો દીવસ હતો, તાપ પુષ્કળ પડતો હતો, જલ વિના દીવસ ભયંકર લાગતો હતો, તે સમયમાં એક ભેંસનું પાડું તરસ્યું થએલું ભૂખ્યો પાડતું હતું ડોશી કૂવામાંથી ન્હાવા માટે જલ કાઢતી હતી. ડોશીને પુરાણી બાવાનો ઉપદેશ સ્મરણમાં આવ્યો અને વિચાર્યું કે, અહો આજ દયા કરવાનો ખરેખરો વખત મળ્યો છે. જો હું આ પાડાને લોટે લોટે પાણી પાઇશ તો બિચારાની તૃષા મટશે નહીં માટે ખૂબ પાણી પાવું જોઇએ, એમ વિચાર કરી ડોશીએ રેંકતા એવા ભેંશના પાડાને કૂવામાં નાખી દીધું અને કહેવા લાગી કે, હે પાડા? કૂવામાં પડ્યું પડ્યું ખૂબ પાણી પીજે. બિચારૂં નાનું પાડું કૂવામાં તરફડીઆં મારવા લાગ્યું. અંતે ત્હેના પ્રાણ ગયા. ડોશીતો દયાની ધૂનમાં હરખાતી હરખાતી ઘેર આવી, રાત્રી થતાં પુરાણીએ કથા વાંચવી શરૂ કરી; ડોશીએ પાડાની દયા કરવાનું ડહાપણ સભા આગળ કહેવા લાગી કે આજતો મેં તરસ્યા પાડાને ઉંચકી કૂવામાં નાખ્યું છે તેથી બિચારૂં બેઠું બેઠું ઘુંટડે ઘુંટડે પાણી હજી પીતું હશે. છેવટે પુરાણીએ કહ્યું કે, અરે ડોશી! પાડું તો મરી ગયું-હજી સુધી રહી શકે નહીં. તેં તો જ્ઞાનવિના દયાના બદલે હિંસા કરી. ડોશીને બહુ પશ્ચાત્તાપ થયો. તેમ જે જીવો જ્ઞાનવિના દયાના ખાં કહેવાય છે તે ઉલટા દુર્ગતિ ભજનારા થાય છે. દયાની સૂક્ષ્મ વાત છે. પોતાની દયા અને પરની દયા જે સમજી શકે છે તે જીવોની દયા પાળી શકે છે. એક ભોળા માણસે ગુરૂપાસે પ્રતિજ્ઞા લીધી કે, જે મનુષ્યો કંગાળ હોય તેની મારે દયા કરવી. કેટલાક દીવસ સુધી તેણે મનુષ્યોની દયા કરી એક દિવસ તે વિચારવા લાગ્યો કે અરે હાલમાં મનુષ્યો ભિખારી થતા નથી. જો ભિખારી થાય તો દયા કરવાનું મ્હારૂં વ્રત પળે માટે ઇચ્છું છું કે ઘણા મનુષ્યો કંગાલ થાઓ અહો કેવી દયા! અરે અજ્ઞાની જીવ દયાને શી રીતે કરીશકે. જ્ઞાનિ પુરૂષો દયાને પાળી શકે છે. અજ્ઞાનિયો ભલે દયાના ઇજારદાર બને પણ જ્યાં સુધી જ્ઞાન પામશે નહીં ત્યાં સુધી ખરેખરી દયા પાળી શકવાના નથી. જીવાદિક નવતત્ત્વ પડ્-

દ્રવ્ય સાતનય વગેરે સૂક્ષ્મ તત્ત્વોનું પરિપૂર્ણ જ્ઞાન થતાં દયાનું સ્વરૂપ સમજાય છે. જે જે અંશે જેવા જેવા પરિણામની ધારાએ દયા થાય છે તે તે અંશે તેવું તેવું ફળ પ્રાપ્ત થાય છે. દયા વ્રત પાળવાને માટે અન્યવ્રતો પણ છે. જો દયા નથી તો અન્યવ્રત કંઇ ફળ પ્રદ નથી. દયાદેવીના સમાન અન્ય કોઇ જગતમાં પૂજ્ય નથી. દયાના સમાન અન્ય કોઇ સુખ અર્પનાર નથી.

દયા વિના જગતમાં શાંતિ પ્રસરતી નથી. દયા વિના મનુષ્ય શોભી શકતો નથી દયાને માટે સાધુ તથા શ્રાવકનાં વ્રત પાળવાં પડે છે; જો તમો દયામય છો તો વનમાં જવાની જરૂર નથી. જો હૃદયમાં દયા નથી તો વનમાં જઇને શું કરશો. જો તમો દયાની ઉચ્ચ કોટીપર આવ્યા નથી તો ભલે તમે મૂર્તિયોની નદીઓની યાત્રા કરો, દયા વિના તમને કંઈ પણ ફાયદો થવાનો નથી. લક્ષ્મી વિના પણ તમો દયાથી ઉત્તમ ધર્મ કરી શકશો. દયાના ઉચ્ચ પરિણામથી તમો સિદ્ધ બુદ્ધ પરમાત્મા થશો. જો તમે ફક્ત દયાને પાળશો તો અનેક ચમત્કારોનું ઘર થશો. જે જે જીવો મુક્તિ પામ્યા અને પામશે તે દયાના પ્રતાપથીજ સમજશો, જેમ જેમ દયાનું અંતરમાં ઉચ્ચ વર્તન રાખશો તેમ તેમ અનેક પાપોથી મુક્ત થશો. ઉપર ઉપરના ડોળઘાલુ દયાળુ જે દેખાય છે તેમનાં હૃદયમાં તો હિંસા થતી હોય છે તેથી તેમને દયાના પરિણામના અભાવે શુભ ફળ પ્રાપ્ત થતું નથી. સર્વ જીવોનું ભલું આત્મજ્ઞાની કરી શકે છે. કારણ કે તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી ખરી દયાનું સ્વરૂપ સમજી શકે છે. સર્વ જીવોનું મન વાણી અને કાયાથી ભલું કરી, સર્વ જીવો પરમસુખ પ્રાપ્ત કરો. સર્વ જીવોને પરમશાંતિ વર્તો—ઇત્યાદિ દયાની ભાવના પોતાના આત્માને પરમાત્મા બનાવે છે, જે પોતાના આત્માને જ્ઞાનદર્શન ધ્યાન સમાધિથી ભાવે છે તે પરમાત્મા થાય છે અને તે સર્વ જીવોની પરમદયા કરે છે, એવી દયા સર્વ જીવોને પ્રાપ્ત થાઓ.

**ॐ शान्तिः ३.**

---

# સિદ્ધ ક્ષેત્ર.

## શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા.

( લેખક. મુની બુદ્ધિસાગર—**પાલીતાણા.** )

શત્રુંજય સમો તીર્થ નહિ, રૂષભ સમો નહિ દેવ.
ગૌતમ સરખા ગુરૂ નહિ, વળી વળી વંદુ તેહ.

નિમિત્તરૂપે ગણાતાં પ્રત્યેક તીર્થોનું સેવન યદિ આત્માના ગુણોના પ્રકાશ માટે થાય તો તે અત્યંત ઉપકારી છે. શાસ્ત્રમાં બે પ્રકારનાં તીર્થ કહ્યાં છે. **જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ** પ્રથમ જંગમ તીર્થ તે સાધુ સાધ્વી કેવલી વગેરે. સ્થાવર તીર્થ જડ હોય છે. પણ તે ચૈતન્ય શક્તિ ખીલવવા નિમિત્ત રૂપે ઉપકારી હોય છે, જ્યાં જ્યાં તીર્થંકરોનાં, સામાન્ય કેવલીઓનાં સાધુઓનાં નિર્વાણાદિ થયાં હોય તે તીર્થ ગણાય છે. આવાં સ્થાવર તીર્થો પર્વત તરીકે ઘણાં છે. તેમાંનું સિદ્ધાચલ ઉત્તમ તીર્થ ગણાય છે. સિદ્ધાચલ ઉપર અનેક જીવો મુક્તિ પામ્યા તેથી ત્યાં જવું જોઇએ. સર્વ જાય છે માટે આપણે પણ જવું એમ ગાડરીયા પ્રવાહથી જનારા જ્ઞાનશૂન્ય જીવો સ્થાવર તીર્થોની સેવનાથી વિશેષ ફળ મેળવી શકતા નથી. સ્થાવર તીર્થને પૂજવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આત્માના સદ્ગુણો પ્રાપ્ત કરવા. સિદ્ધાચલ ઉપર ઘણા જીવો મુક્તિ પામ્યા ત્યાં તેમના આત્માની સાથે લાગેલાં શુભ પુદ્ગલો ખર્યાં હોય તેનો સ્પર્શ થવાથી શ્રદ્ધાળુ પુરૂષની બુદ્ધિ પ્રાયઃ સુધરે છે. તેમજ ત્યાં જે જે જીવો મુક્તિ ગયા હોય તે તે જીવોનાં ચરિત્ર સહેજે સ્મરણમાં જ્ઞાનિયોને આવે છે તેથી જ્ઞાનિ પુરૂષો આત્માના ગુણો પ્રતિ ઉપયોગ રાખે છે. સિદ્ધાચલ બે પ્રકારે છે. **૧ દ્રવ્ય સિદ્ધાચલ** અને બીજો **ભાવ સિદ્ધાચલ** તેમાં દ્રવ્ય સિદ્ધાચલ પર્વત છે. જ્ઞાનિયોના પવિત્ર સ્પર્શથી પવિત્ર થએલો ડુંગર છે. અને **ભાવતીર્થ આત્મા** છે, **દ્રવ્યતીર્થ સાપેક્ષાએ કારણ** છે અને તે આત્માથી ભિન્ન છે. **દ્રવ્ય** સિદ્ધાચલ પર્વતથી આત્મા તથા મોક્ષ ભિન્ન છે. **દ્રવ્ય સિદ્ધાચલ** પર્વતમાં કંઈ ચૈતન્ય ગુણ નથી વા તે કંઇ વિનતિનો અર્થ સમજી શકતો નથી પણ તેની પાસે જઈ સ્પર્શ કરી ત્યાં મુક્તિ ગએલા જીવોના ગુણોનું સ્મરણ કરવું તેજ ફલપ્રદ છે. **દ્રવ્ય સિદ્ધાચલ પર્વત**ને એમ કહેવામાં આવે કે તું મારાં પાપનો નાશકર. વા તું મુક્તિ આપ. આમ કહેવું તે ભગવાનના સ્થાપના નિક્ષેપાની અપેક્ષા વિના તો અયોગ્ય છે. **નિમિત્તરૂપ સિદ્ધાચલ પર્વત**ને સેવવાના મુખ્ય ઉદ્દેશો ખરેખરા જ્યાં સુધી સમજવામાં આવ્યા નથી ત્યાં સુધી જ્ઞાનવિના ગ્રંથી ભેદ થઈ શકે નહીં. સિદ્ધાચલ પર્વતનો નિમિત્તરૂપે અપૂર્વ મહિમા શાસ્ત્રમાં કહ્યો છે, તે જ્ઞાનિયોને માટે છે. શ્રદ્ધાળુઓને માટે છે. આત્માર્થિ જ્ઞાનિયોજ એ વાક્યને આચારમાં મૂકી તેનું ફળ આસ્વાદી શકે છે. ઈશ્વર કર્તા વાદિયો જેમ ઇશ્વરને તારવા માટે વિનંતિ કરે છે તેમ અજ્ઞ જૈનો સિદ્ધાચલ પર્વતની તેવીજ રીતે અપેક્ષા સમજ્યા

વિના વિનંતી કરે છે તેથી શું તેમને સિદ્ધાચલ પર્વત તારી શકે? સિદ્ધાચલ પર્વતની યાત્રા કરવાનો મુખ્ય ઉદ્દેશ આત્માના ગુણો ખીલવવા માટે છે. ત્યારે હવે પ્રશ્ન થશે કે **દ્રવ્ય સિદ્ધાચલ** જે પર્વતરૂપ છે તેની યાત્રા પ્રત્યેક જીવે શી રીતે કરવી. તેના ઉત્તરમાં કહેવાશે કે ભવ્ય જીવોએ પ્રથમતો સિદ્ધાચલના સ્પર્શનથી શું મળે છે તથા ત્યાં જઇ શું કરવું. શું વિચારવું, શું બોલવું, આત્માને લાગતાં કર્મ કેવી રીતે અટકાવવાં તેનું જ્ઞાન લેવું જોઇએ, જ્ઞાન વિના ગાડરીયા પ્રવાહમાં તણાતાં અનંત કાળ ગયો માટે સમ્યગ્જ્ઞાન કરવું જોઇએ. શ્રી ઉપદેશ રત્નાકરમાં મુનિ સુંદર સૂરિ મહારાજા લખે છે કેઃ—

**સિદ્ધાચલ પર્વતની યાત્રા કેવી રીતે કરવી.**

**पाएण अणंत देउल, जिणपडिमाउ कारियाइ जीवेण,**
**असमंजसवित्तिए, नहु सिद्धो दंसण लवोवि ॥ १ ॥**

પ્રાયઃ આ જીવે અનંત દેરાસરો બનાવ્યાં તેમ અનેક જિનપ્રતિમાઓ ભરાવી તોપણ અસમંજસ વૃત્તિથી દર્શનનો લેશમાત્ર પણ સિદ્ધયો નહિ. આ ગાથાનો અર્થ બરાબર વિચારો. આત્માનું સમ્યગ્જ્ઞાન થયા વિના અસમંજસવૃત્તિ ટળતી નથી માટે ભવ્ય જીવોએ આત્માનું સમ્યગ્જ્ઞાન કરી નિમિત્ત સિદ્ધાચલની સેવના કરવી જોઈએ. સિદ્ધાચલ પર્વતની અત્રતો મુખ્યતાએ સેવના છે. પણ સમજવું કે સેવનનો ભિન્ન ભિન્ન સ્થળે ભિન્ન ભિન્ન અર્થ થાય છે ત્યાં જે અર્થ ઘટે તે અર્થ લેવો.

શ્રાવક શ્રાવીકાઓએ સિદ્ધાચલ પર્વતની યાત્રાએ જતાં વિચાર કરવો કે અન્ય સ્થળે કરેલું પાપ, તીર્થની સેવનાથી છૂટે પણ ત્યાં ફક્ત જવા માત્રથી નહિ. પણ ત્યાં જઈ શુભ આચારો તથા વિચારોથી છૂટે છે એમ ખૂબ લક્ષ્યમાં રાખવું. સિદ્ધાચલ જઇ કોઈ જીવ સાથે કપટ કરવું નહિ. કોઈની સાથે ક્લેશ કરવો નહિ. કોઇની સાથે કામના વિચારો કરવા નહિ. દેશ જાતિના વિચારોને પરિહરવા સાધુ અગર સાધ્વીઓની નિંદા કરવી નહિ. પ્રતિદિન સદ્ગુરૂ પાસે સદુપદેશ શ્રવણ કરવો. નકામા બેસી રહેવું નહિ. જ્ઞાનચર્ચામાં જીવન ગાળવું. વૈરાગ્યનાં પુસ્તકો વાંચવાં. અસત્ય બોલવું નહિ. ઇત્યાદિ ગુણોને અવશ્ય ધારણ કરવા જોઇએ. ડુંગર ઉપર ચઢતાં હળવે હળવે ચાલવું જોઇએ. ચાલતાં નકામી કુથલી કરવી જોઇએ નહિ. બનેતો મૌન રહી ગમન કરવું તેજ યોગ્ય છે. બને તો પગે ચાલીનેજ જવું જોઇએ ડુંગર ઉપર જતાં જિન મંદિરો આવતાં સ્થિરતાથી આત્મા અને જિનરૂપની સા-

મ્મતાના વિચારો કરવા જીનના જે દોષો ગયા, તેમાંથી હાલ પોતાનામાં કેટલા છે તેનો વિચાર કરવો. એકાંત સ્થળમાં બારભાવનાના વિચારો કરવા, જીન-પ્રતિમાની પાસે જઈ દુર્ગુણોના નાશ માટે પ્રતિજ્ઞા કરવી, સાચું બોલવાની પ્રતિજ્ઞા કરવી જોઇએ, પાપના વ્યાપારો ત્યાગ કરવા માટે પ્રતિજ્ઞા કરવી જોઇએ. **જીનસ્વરૂપ** થઇ જીનનું આરાધન કરવા સ્થિર ઉપયોગથી ધ્યાન કરવું. ધમધમા કરવી નહિ, દ્રવ્ય અને ભાવથી પ્રાણાયામ કરવા દોષોનો નાશ થાય તેમ વિચાર કરવો. મનમાં વિચારવું કે મ્હારામાં કયા કયા દોષો છે તેનો કેવી રીતે નાશ કરવો તે માટે યોગ્ય ધ્યાન કરી દોષોનો સર્વથા નાશ થાય તે માટે શુભ ધ્યાન ધરવું. આત્માના ઉપયોગમાં રહેવું આત્માના ઉપયોગે પૂજા કરે. હાલે-ચાલે બેસે પરમાત્માના સ્વરૂપનો વિચાર કરે. કોઇનું દીલ દુઃખાય તેમ મનવચન અને કાયાનું વર્તન કરવું નહિ, સાધુ અને સાધ્વીઓની યથા યોગ્ય ભક્તિ કરવી. આત્માનું સ્વરૂપ પ્રગટ કરવામાં ધનનો વ્યય યોગ્યતા પ્રમાણે કરવો શુકપાઠની ટેવ ત્યાગીને છ આવસ્યકનું સ્વરૂપ આચારમાં મૂકવું. યોગ્ય સદ્દગુરૂની સેવાદ્વારા જ્ઞાનમાં રમણતા કરવી ઇત્યાદિ શ્રાવક શ્રાવીકાઓએ યોગ્ય વિધિ હૃદયમાં ધારવી જોઇએ.

**સાધુ સાધ્વીઓએ કેવીરીતે સિદ્ધાચલની યાત્રા કરવી.**

સાધુ અને સાધ્વીઓએ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ હૃદયમાં ધારવો જોઇએ જીવ્હાને વશમાં રાખી વિકાર થાય એવા પદાર્થો ત્યાગવા જોઇએ શ્રુત જ્ઞાનની વૃદ્ધિ થાય તેવી રીતે પ્રવર્તવું જોઇએ આત્માના પરિણામ ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામે તેવી શુભ ભાવનાઓ ભાવવી જોઇએ. આહાર પાણી લેતાં દોષ લગાડવા નહિ. સંયમનો નાશ થાય તેવી રીતે તીર્થસ્થાનમાં પડી રહેવું જોઇએ નહીં **સાધુ અને સાધ્વીઓએ પરસ્પર લઢવું નહિ એક બીજાની નિંદા કરવી નહિ.** ક્રોધ માન, માયા, અને લોભના વિચારો કરવા નહિ. નાત જાતની પંચાતમાં પડવું નહિ. સાધુ અને સાધ્વીઓએ પોતાના માટે આહાર કરાવવો નહિ. કરતાને અનુમોદવો નહિ. સાધુઓએ સ્ત્રીયોનો રાગ થાય તેવી રીતે પરિચય કરવો નહિ. નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિ સચવાય તેવા મકાનમાં ઉતરવું જોઇએ. પર્વત ઉપર ચઢતાં સારા વિચારો કરવા. પ્રતિમાની આગળ આત્મભાવના કરવી વા પરમાત્મા અને આત્મામાં શો ભેદ છે તેનો વિચાર કરવો. દ્રવ્ય પૂજામાં શ્રાવકોને આદેશ આપવો નહિ. ધુપકર વિલેપનકર-આમપઢ-આમ અતર પુષ્પ ચઢાવ, આ ઠેકાણે સુધારો. આભાગ સચ કરાવો. અમુકને રજા આપો. આરતી ઉતારો, મંગલદીવો ઉતારો દેરાસર કરાવો. કિલ્લો કરાવો. અરજીઓ કરો. ઇત્યાદિ આદેય વચનો વદવાં

નહિ કારણ કે તેવી રીતે બોલવાથી સાધુ અને સાધ્વીઓને દોષ લાગે છે. સાધુ અને સાધ્વીઓએ જીનમુદ્રાનું સ્વરૂપ પોતાના આત્મામાં ઉતારવું જોઈએ. ગ્રહસ્થની સાથે કલેશ કરવો નહીં. ગ્રહસ્થના કાર્યમાં પડવું નહિ. શ્રાવકના કામમાં માથું મારવું નહિ. તીર્થના સ્થાનમાં ગૃદ્ધિ થાય તેવી રીતે રહેવું નહિ. ધનસંગ્રહ, વસ્ત્રસંગ્રહ, પાત્ર સંગ્રહ વગેરેનો સંગ્રહ મમતાથી કરવો નહીં. સ્ત્રીઓનો સંબંધ થાય તેવી ધર્મશાળામાં રહેવું નહિ. બે વખત સમજાય તેવી રીતે આવશ્યકની કરણી કરવી, જ્ઞાનધ્યાનમાં વિશેષતઃ ઉદ્યમ કરવો. મ્હારૂં ત્હારૂં કરવું નહિ. આત્મજ્ઞાનમાટે સત્પુરૂષોની ઉપાસના કરવી. દ્રવ્યતીર્થ કરતાં ભાવતીર્થનું વિશેષપણું ઇત્યાદિ સદ્વર્તન રાખી સાધુ અને સાધ્વીઓ જો સિદ્ધાચલની યાત્રા કરે છે તો યાત્રાનું ફળ બેસે છે. **યશોવિજયજી ઉપાધ્યાય** કહે છે કે **ધામધુમે ધમાધમ ચલી જ્ઞાનમારગ રહ્યો દૂરરે** આવી રીતે જો ગાડરીયા પ્રવાહની ધામધૂમથી યાત્રા કરવામાં આવે તો ત્રણ કાલમાં મુક્તિ થનાર નથી. સ્થાવર તીર્થની પૂજ્યતા જંગમ તીર્થથીજ થએલી છે. જંગમ તીર્થવિના સ્થાવર તીર્થની પૂજ્યતા ત્રણ કાલમાં નથી. ત્યારે હવે વિચારશો કે **સ્થાવર તીર્થ મહાત્માઓના** સ્મરણ માટે, ધ્યાન માટે, નિરૂપાધિ દશા માટે ઉપયોગી છે. **ધ્યાન, સ્મરણ, સત્પુરૂષસમાગમ, નિરૂપાધિદશા** માટે જો સ્થાવરતીર્થોનું સેવન કરવામાં આવે તો ખરેખર તેથી અત્યંત લાભ છે. તે વિના ફક્ત ચડવા ઉતરવાથી તો જ્ઞાન શૂન્યતા એ ડાળી ઉપાડનારની પેઠે જીવન નિષ્ફળ જાય **સ્થાવર સિદ્ધાચલ તીર્થ** છે તે આત્માને **નિમિતપણે** પરિણામે છે માટે તે **દ્રવ્યતીર્થ** સાપેક્ષબુદ્ધિથી સાધ્યદ્રષ્ટિએ તેની ઉપાસના ઉપયોગી છે. પણ ઉપાદાન કારણને ઉદ્દેશીનેજ તે ફળદાયક છે એમ લક્ષ્યમાં રાખવું. ભાવસિદ્ધાચલ આત્મા છે. સિદ્ધ અને અચલ આત્મા નિશ્ચયનયથી છે. રાગ અને દ્વેષરૂપ શત્રુનો જય કરનાર આત્મા છે પણ **આત્મા શત્રુંજય** કહેવાય છે. અસંખ્ય પ્રદેશરૂપ ક્ષેત્રમાંજ સિદ્ધપણું છે માટે **આત્મા સિદ્ધ ક્ષેત્ર** કહેવાય છે. ગિરિ (પર્વતની) પેઠે સ્થિર એવો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી બિરાજે છે માટે આત્મા ગિરિરાજ કહેવાય છે. દ્રવ્ય અને સ્થાવર નિમિત્ત તીર્થો સર્વ આત્માને ઉદ્દેશી થયાં છે માટે નિશ્ચયનયથી **આત્માતીર્થ નાયક** ગણાય છે મેરૂ પર્વતની પેઠે આત્મા પણ ક્ષાયિકભાવે સ્થિર છે માટે નિશ્ચય નયથી **આત્મા શાશ્વતગિરિ** ગણાય છે.

**ભાવ સિદ્ધાચલ આત્મા છે.**

સર્વ તીર્થોનો રાજા આત્માજ હોવાથી તે **તીર્થરાજ** ગણાય છે. એકેકું ડગલું ભરે. ગિરિસન્મુખ ઉજમાલ કોડી સહસ્ર ભવનાં કર્યાં પાપ ખપે તત્કાલ. આ દુહાનો અર્થ દ્રવ્ય તીર્થમાં ઘટી શકે છે તેવી રીતે ભાવ સિદ્ધાચલરૂપ આત્મામાં પણ ઘટી શકેછે. ક્ષણે ક્ષણે આત્માના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગરૂપ ડગલું ભરવાથી કોડીભવનાં કરેલાં પાપનો શુદ્ધ સંવરભાવે નાશ થાય છે **ભાવશત્રુંજય આત્મા સમાન** કોઇ તીર્થ નથી. છઠ્ઠ અઠ્ઠમાદિક કરીને સાતવાર વા બેવાર આદિ શુદ્ધોપયોગના ધ્યાને **આત્મા સિદ્ધાચલની યાત્રા ( સ્વરૂપમાં પ્રવેશ )** કરવામાં આવે તો તે જીવ મુક્તિ અવશ્ય પામે તેમાં સંદેહ નથી. **આત્મારૂપ ભાવસિદ્ધાચલ**ની શુદ્ધોપયોગ રમણતાની અપેક્ષાએ નવાણુંવાર યાત્રા કરવામાં આવે તો અવશ્ય જીવ ત્રીજા ભવમાં મુક્તિ જાય. દ્રવ્ય સિદ્ધાચલ અને **ભાવસિદ્ધાચલ**નો કારણ કાર્યભાવ છે તેથી જ્ઞાનીને અપેક્ષાએ નિમિત્ત અને ઉપાદાન રૂપ તીર્થ સમજાતાં વિવાદ રહેતો નથી. અજ્ઞાની પશુ સમાન આત્મા છે તેથી અપેક્ષા સમજ્યાવિના લડીમરે છે. **ચાર હત્યારા પાતકી તે પણ એ ગિરિજાય ભાવે જીનવર ભેટતાં મુક્તિ વધુ સુખ પાય.** આ વ્યાખ્યા પણ ભાવ-સિદ્ધાચલ આત્મામાં ઘટે છે.

**स्थावर तीर्थ निश्चय तुं छे. त्रस प्राणी तुंज दर्श करेरी.**
**स्थावर तीर्थ पोते कौतुक, दर्शन तेहनुं रुपवरेरी. श्री.**

**पापी अभवी दुरभवी प्राणी दर्शन स्पर्शन कबु न करेरी.**
**श्री सिद्धाचल नयणे निरखी, भवपाथोधि भव्यतरेरी. श्री.**

**तीर्थ तीर्थ करतो भटक्यो. पण नहि आतम शान्त थयोरी.**
**सहजानन्दए तीरथ फरसी, भवदावानल दूर गयोरी. श्री.**

**द्रव्यभावथी तीरथ समजी, पूजो ध्यावो ध्यान धरीरी.**
**सिद्धाचल आदीश्वर पूजी, बुद्धिसागर शान्ति वरीरी. श्री.**
**श्री सिद्धाचल नयणे निरखी सिद्धाचल मुनरुप लहुंरी.**

ઇત્યાદિ વચનો દ્રવ્ય સિદ્ધાચલ અને ભાવ સિદ્ધાચલને પણ સિદ્ધ કરે છે. નિશ્ચયથી સ્થિર રહેનાર સિદ્ધ પરમાત્મા છે. તેનાં જો ત્રસ પ્રાણી દર્શન કરે તો પોતે પણ સ્થિર થઇ જાય. અર્થાત્ મુક્તિ સ્થાનમાં સ્થિર થાય માટે

કૌતુક એ છે કે **સ્થાવર તીર્થ**નાં દર્શન કરતાં ત્રસ પણ **સ્થિર થાય દર્શન તેહવું રૂપ વરેરી** એ વાક્ય જણાવે છે કે એમાં શું કૌતુક છે. **સિદ્ધપરમાત્મા સ્થિર** છે માટે **સ્થિર**નાં દર્શન કરતાં **આત્મા** પણ **ક્ષાયિકભાવ** પામી સ્થિર થાય. પાપી, અભવી, અને દૂરભવી પ્રાણી દર્શન મોહનીયનો નાશ કરી શકતાં નથી તેથી તે જીવો **આત્માનું** દર્શન કરી શકતા નથી અને જે ભવ્યજીવ હોય છે તે દર્શન મોહનીયનો નાશ કરી **આત્મરૂપ સિદ્ધાચલ**નું દર્શન નિશ્ચયનયની અપેક્ષાએ કરે છે અને સંસારરૂપ સમુદ્ર તરી જાય છે. ઉપાદાન આત્મતીર્થને ઓળખ્યાવિના બાહ્યમાં ઉપાદાન તીર્થની બુદ્ધિથી ભટકતાં આત્મા કદી શાંત થયો નહીં પણ જેમાં સહજ ( નેચરલ ) આનંદ રહ્યો છે એવા **ભાવ સિદ્ધાચલ આત્માને** દેખતાં જડ વસ્તુમાંથી સુખની બુદ્ધિ જતાં અને આત્મામાંજ સહજાનંદની બુદ્ધિ થતાં સંસાર દાવાનલ દૂર ગયો. અર્થાત્ તેથી આત્મા ભિન્ન થયો. દ્રવ્યથી સિદ્ધાચલ તીર્થ પર્વતરૂપ અને **ભાવથી આત્મારૂપ સિદ્ધાચલ** તીર્થ સમજીને હે ભવ્યજીવો ! તમે આદીશ્વરનું સેવન કરો. દ્રવ્યથી આદીશ્વર ભગવાનની સ્થાપના અને ભાવથી જ્યારે સમકિત જીવ પામે ત્યારે સમકિતની અપેક્ષાએ આત્માની ઇશ્વરતાની આદિ કહેવાય છે માટે નિશ્ચયનયથી આત્માજ આદીશ્વર ઠર્યો. એમ દ્રવ્ય કારણ અને ભાવ કાર્ય સાપેક્ષાએ આદીશ્વરની ભાવપૂજા કરતાં પરમશાંતિ ભવ્યજીવોએ પામી છે અને તે અનંત કેવલ જ્ઞાનરૂપ સાગરના સ્થાનભૂત થયા તેમ જે જીવો દ્રવ્ય અને ભાવ સિદ્ધાચલની સમજીને યાત્રા કરે છે તે પણ **પરમશાંતિ** પામી જન્મ જરા અને મરણનો નાશ કરે છે અને કરશે.

દ્રવ્ય અને ભાવથી **સિદ્ધાચલશત્રુંજય** સમજવા માટે પ્રથમ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ સમ્યગ્જ્ઞાનથી **સમ્યગ્દષ્ટિ** પ્રાપ્ત થાય છે, દ્રવ્યસિદ્ધાચલ તીર્થમાં ભાવસિદ્ધાચલની બુદ્ધિ રાખવી તે **મિથ્યાત્વ** છે અને **ભાવસિદ્ધાચલમાં દ્રવ્યસિદ્ધાચલની** બુદ્ધિ રાખવી તે **મિથ્યાત્વ** છે. **નિમિત્તે ઉપાદાન તીર્થ** થતું નથી અને ઉપાદાન તે નિમિત્ત થતું નથી. નિમિત્ત તીર્થ સિદ્ધાચલ પર્વતની યાત્રાનો લાભ જ્ઞાનિને આત્મધ્યાનમાં આવશ્યક છે. સિદ્ધાચલની યાત્રા પાપનો નાશ કરે છે આત્મસન્મુખ દષ્ટિ રાખીને જે જીવો યાત્રા કરે છે તે જીવો પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. દ્રવ્યતીર્થ અનેક **છે** અને ભાવતીર્થ આત્મા છે. આત્માની પરમાત્મદશા કરવી તેજ **સાધ્યદષ્ટિ** ભાવતીર્થની પ્રરૂપણા કંઇ દ્રવ્ય તીર્થના નાશ માટે નથી તેમ દ્રવ્યતીર્થની પ્રરૂપણા

કંઈ ભાવતીર્થના નાશ માટે નથી. વિશેષાવસ્યકમાં તીર્થ શબ્દ વડે શ્રુતજ્ઞાનનું ગ્રહણ કર્યું છે. તેમજ જેના આધાર ભૂત સાધુ સાધ્વી શ્રાવક શ્રાવીકાનું પણ ગ્રહણ થાય છે. તીર્થના ગમે તેટલા ભેદ પાડો તોપણ તેનો **નિમિત્ત** અને **ઉપાદાન** એ બે તીર્થોમાં સમાવેશ થાય છે.૧ નામ તીર્થ ૨ **સ્થાપના તીર્થ** ૩ **દ્રવ્યતીર્થ** ૪ **ભાવતીર્થ** તેમજ સાતનયથી તીર્થનું સ્વરૂપ જાણીને આદરવું વા નિક્ષેપાથી સિદ્ધાચલનું સ્વરૂપ સમજવું અને સાધ્યદષ્ટિ રાખી દર્શન મોહનીયાદિ પ્રકૃતિનો નાશ થાય તેમ પ્રવૃત્તિ કરવી. રાગદ્વેષનો જે જે રીતે નાશ થાય તે તે રીતે તીર્થની સેવના કરવી. ભવ્યજીવો દ્રવ્ય અને **ભાવતીર્થ**ને જ્ઞાનપૂર્વક સમજી **પરમાત્મદશાની સાધ્યતા** એ **આત્મસ્વરૂપ**માં ઉતરી સહજાનંદની ખુમારી પ્રાપ્ત કરો. શ્રીસિદ્ધાચલ પર્વતનો મહિમા આગમોમાં તથા શત્રુંજય માહાત્મ્યમાં કહ્યો છે. ને સત્ય છે તેની શ્રદ્ધા કરી સિદ્ધાચલગિરિની યાત્રા કરવાથી આત્મા પરમાત્મપદ પામે છે.

**તીર્થ એટલે શ્રુત જ્ઞાન,**

**ઇત્યેવં શાન્તિ શાન્તિ શાન્તિ.**

સંવત ૧૯૬૬ માગસર વદી ૧૪.

---

## મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત

# ચેતનશક્તિ.

---

પ્રણમું શ્રી અરિહંત જીનેશ્વર મંગલકારી,
મહિમા અપરંપાર, જગતમાં જે ઉપકારી,
બ્રહ્મા વિષ્ણુ શિવ શંકર મહાદેવ વિભુ છો,
શબ્દાતીત પણ શબ્દ વાચ્ય જગમાંહિ પ્રભુ છો.
પરામાં પ્રતિભાસતા, ઝટ વૈખરીથી વર્ણવું.
ભિન્નાભિન્ન સ્વરૂપનું હું જ્ઞાન પામું અભિનવું. ૧

પ્રારંભેલા કાર્યમાં વિઘ્ન ન આવે, અને તે સંપૂર્ણ થાય, તે હેતુથી પ્રારંભમાં મંગલાચરણ રૂપે જીનેશ્વર દેવની ગ્રન્થકર્તા સ્તુતિ કરે છે. તે જીનેશ્વર દેવ અર્હદ્ ભગવાનનું નામ જ મંગલ સૂચક છે. તે કલ્યાણકારી

પ્રભુનો મહિમા-માહાત્મ્ય અદ્દભુત છે. તેમનું સામર્થ્ય કોઇના કલ્પામાં આવે તેમ નથી. તેઓનું વર્તન સર્વથા પરને ઉપકાર કરનારૂં જ હતું. એવા મહાત્માઓનો જન્મ હમેશાં પરોપકાર વાસ્તેજ હોય છે. તે ભગવાનને જુદાં જુદાં નામ આપવામાં આવેલાં છે, પણ વસ્તુતઃ તે સર્વ નામ જીનેશ્વર દેવને લાગુ પડે છે. પોતાના જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ સર્વે ગુણોને પ્રકટ કરનારા હોવાથી તે બ્રહ્મા (વિધાતા) છે; અથવા બ્રહ્મ-પરમતત્ત્વનું જેમણે સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું છે, તે બ્રહ્મા કહેવાય. કેવળ જ્ઞાનના બળ વડે તે આ જગતના સર્વ જ્ઞેય પદાર્થોને જાણે છે માટે તે વિષ્ણુ છે. તે પરમ કલ્યાણ સ્વરૂપ છે, માટે શિવ નામથી સ્તવાય છે. ત્રણ ભુવનનું કલ્યાણ કરવાથી તે શંકર છે. **त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ॥** રાગ દ્વેષ રૂપ બે મોટા દુર્જય મલ્લોને તે પ્રભુએ જીત્યા છે, માટે તે મહાદેવ કહેવાય છે. અને તે પોતાના જ્ઞાન વડે સર્વવ્યાપી હોવાથી વિભુપદને યોગ્ય થયા છે. આવી રીતે તેમના અનેક ગુણો અને કર્મો વડે જુદાં જુદાં નામથી તેમની સ્તુતિ થવા છતાં તે એકજ છે. તે વળી શબ્દાતીત છે. તે પ્રભુ શબ્દની પેલી પાર છે; એટલે શબ્દથી તેમનું વર્ણન થઇ શકે તેમ નથી.

વાણીથી પર કયમ કરી તેનું વર્ણન કરશે વાણી

કેવળ શબ્દની પેલીપાર છે એટલું જ નહિ પણ તે પ્રભુ મનનો પણ વિષય નથી. **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह** ત્યાં વાણી અને મન પણ પ્હોંચી શકતાં નથી, પણ પાછાં ફરે છે. જો કે આ રીતે તે પ્રભુ શબ્દ અને મનની પેલી પાર છે, છતાં શબ્દ વાચ્ય છે. આપણો આ જગતનો વ્યવહાર શબ્દ વડે જ થાય છે, માટે શબ્દ વડે તેમનું જેટલું વર્ણન થઇ શકે તેટલું કરવા ગ્રન્થકર્તાની અભિલાષા છે.

જો કે આપણા હાલના જ્ઞાન પ્રમાણે આપણને એક જ પ્રકારની વાણીના ઉપયોગનું જ્ઞાન છે, છતાં યોગીઓ જણાવે છે કે વાણી ચાર પ્રકારની છે. તેના નામ **પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી છે.**

વૈખરી વાણીમાં નિરંતર રમનારા આપણને આ બાબતો સ્વપ્ન તુલ્ય ભાસે છે, પણ તે બાબતનો જેઓએ અભ્યાસ કર્યો છે તેવા પુરૂષોને આ બાબતનું જ્ઞાન હસ્તામલકવત છે. આત્મસ્વરૂપનું સંપૂર્ણ ભાન પરા વાણીનો ઉપયોગ થનારી અવસ્થામાં થઇ શકે છે. ગ્રન્થ કર્તા પણ પરાવાણીમાં પ્રતિભાસતા જણાતા પદાર્થોને આ વૈખરી વાણી દ્વારા પ્ર-

કટ કરવાને અભિલષે છે. જે ઉચ્ચ અનુભવો યોગની જુદી જુદી સ્થિતિમાં થાય તે આ વૈખરી વાણી દ્વારા કદાપિ પણ સંપૂર્ણ રીતે દર્શાવી શકાય નહિ, કારણ કે તે અનુભવો દર્શાવવાને આ વૈખરી વાણીમાં પુરતા શબ્દો નથી, છતાં પણ ગ્રન્થકર્તા લોકોના ઉપર ઉપકાર કરવાને તે સ્વરૂપની ઝાંખી વૈખરી વાણી દ્વારા કરાવવા પ્રયત્નશીળ થાય છે. આમ કરવામાં એક બીજો પણ હેતુ સમાયેલો છે, તે હેતુ આત્મા અને જડ વસ્તુ વચ્ચેના ભેદનું જ્ઞાન પામવાનો છે, કારણ કે તે સ્વપર ભેદનું જ્ઞાન થતાં બીજી કોઇ પણ વસ્તુની જરૂર રહેતી નથી.

નિજરૂપા નિજ વસ્તુ હે, પરરૂપા પરવસ્ત.
જેણે જાણ્યો પેચ એ તેણે જાણ્યું સમસ્ત.

માટે આત્મા અને જડ પદાર્થોને કેવા પ્રકારનો સંબંધ છે, તેનું જ્ઞાન પમાય તે માટે અને આત્માની-ચૈતન્યની શક્તિ કેટલી છે, તેનો ખ્યાલ આપવા માટે આ ગ્રન્થ લખવાની પ્રવૃત્તિ થઈ લાગે છે.

## મૂળ.

અનેક ભાષા શબ્દ નામથી તું કહેવાતો.
પણ નહિ શબ્દ સ્વરૂપ શબ્દથી ભિન્ન પમાતો.
ભાષા પુદ્ગલ સ્કન્ધ તેહથી અરૂપ ભાસે
અચિન્ત્ય ચેતન શક્તિ ચેતના સર્વ પ્રકાશે.
શબ્દ સંજ્ઞા જ્ઞાન હેતુ છે, શ્રુત સંજ્ઞા દેવતા.
'ણમો બંભી લીવી ભગવતી' જોગીઓ બહુ સેવતા.

આત્મા એક છે, છતાં તેને જુદા જુદા ધર્મવાળા જુદાં જુદાં નામ આપે છે. જુદી જુદી ભાષાઓમાં તેનાં વિવિધ નામ આપણી દૃષ્ટિએ પડે છે; તે સર્વ શબ્દો એકઠા કરીએ, છતાં આત્મતત્ત્વનું ભાન તે શબ્દોથી થઇ શકે નહિ. કારણ કે આત્મા શબ્દ સ્વરૂપી નથી. જે શબ્દ સ્વરૂપી હોય તેનો ખ્યાલ શબ્દ દ્વારા પામી શકાય પણ આત્માતો શબ્દથી ભિન્ન છે, માટે શબ્દ દ્વારા તેનું જ્ઞાન આપણે મેળવી શકીએ નહિ.

ઉપર જણાવ્યા પ્રમાણે તે શબ્દાતીત છે. ભાષા પરમાણુસ્કંધરૂપથી બનેલી હોય છે, તે પરમાણુઓ પણ પુદ્ગલના-જડ પદાર્થના બનેલા છે. તે થીજ ગ્રન્થકર્તા લખે છે કે ભાષા એ પુદ્ગલના સ્કન્ધરૂપ છે, અને પુદ્ગલ રૂપી છે, તેથી ભાષા પણ રૂપી છે, અને આત્માતો કેવળ અરૂપી છે, તેથી તે

આત્મા ભાષાના પદ્દગલથી ભિન્ન છે. શબ્દ જડ છે અને રૂપી છે, આત્મા ચેતન છે અને અરૂપી છે, તેથી આત્મા શબ્દોની પેલીપાર રહેલો છે. તે આત્માની–ચેતનની શક્તિ એવી છે કે જેનું આપણે પરિપૂર્ણ ચિન્તન કરી શકીએ નહિ- આપણી બુદ્ધિથી તે ચેતનનું સામર્થ્ય કલ્પી શકાય તેમ નથી. યોગીઓ ધ્યાનમાં મગ્ન થાય છે, ત્યારે પણ તે ચેતન શક્તિના સામર્થ્યની કાંઇક ઝાંખી કરી શકે છે, પણ તેનું ખરૂં સામર્થ્યતો તેઓનાથી પણ કેવલજ્ઞાનવિના અજ્ઞાત રહે છે. સર્વ સ્થલે ચેતનાને આવિર્ભાવ કરનાર–પ્રકાશ કરનાર તે ચૈતન્ય શક્તિ છે, આ જગતમાં પ્રવૃત્તિ થાય છે તે સર્વનું કારણ તે ચેતના છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મા શબ્દની પેલીપાર છે, એ બાબતતો સત્ય છે, પણ આ જગતમાં જ્ઞાન મેળવવાનો મુખ્ય આધાર શબ્દો છે. આ જગતનો સઘળો વ્યવહાર શબ્દથી ચાલે છે. તે શબ્દો અક્ષરો મારફતે લખવામાં આવે કે કેવળ મુખેથી બોલવામાં આવે, પણ શબ્દો વિના કાંઈ પણ વ્યાપાર એક ક્ષણવાર પણ ચાલતો નથી. માટે તે શબ્દો જ્ઞાનના હેતુ છે. પ્રાચીન મહાત્માઓ મુનિઓ પોતાને થએલા આત્મિક અનુભવનો લાભ બીજા મનુષ્યોને મળે તે માટે પુસ્તકો લખતા ગયા છે; અને હાલ પણ અનેક ગ્રન્થો રચાય છે, લખાય છે, અને પ્રકટ થાય છે. આ સર્વ જ્ઞાન આપવાનાં સાધનો છે. પણ પુસ્તકો પણ શબ્દના બનેલા છે. માટે શબ્દ એ જ્ઞાન પામવાનું અને આપવાનું ઉત્તમોત્તમ સાધન છે, શ્રુતજ્ઞાનને દેવીની ઉપમા આપવામાં આવેલી છે. વાગ્દેવી, સરસ્વતી એ સર્વ શ્રુતદેવીના અપર પર્યાયો છે. જેટલા અક્ષરો છે, જેટલી લીપીઓ છે તે સર્વ શ્રુત જ્ઞાન એક અપેક્ષાએ કહી શકાય, પણ સામાન્ય રીતે ધર્મ શાસ્ત્રોને શ્રુતજ્ઞાનનું નામ આપવામાં આવેલું છે. પ્રતિક્રમણ કરતી વખતે આપણે શ્રુતદેવીની સ્તુતિ કરીએ છીએ. અને "**णमो बंभिलिविए** બંભીલિપિ બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ, એવો પાઠ ભગવતી સૂત્રમાં છે; તે પણ શ્રુત દેવતાની સ્તુતિ કરવાને બોધ આપે છે. અને યોગી પુરૂષો જ્ઞાન પ્રાપ્તિ નિમિત્તે વિવિધ પ્રકારે તે સરસ્વતી દેવીનું ધ્યાન કરે છે. તેનું ધ્યાન કરવાથી હૃદય નિર્મળ થાય છે, અને હૃદય નિર્મળ થતાં આત્મજ્યોતિનો પ્રકાશ થાય છે, અને સહજમાં જ્ઞાન પ્રાપ્ત થાય છે; માટે ગ્રન્થકર્તા પ્રથમ શ્લોકમાં અરિહંત ભગવાનને નમસ્કાર કરી બીજા શ્લોકમાં સરસ્વતી દેવી–શ્રુતદેવીની સ્તુતિ કરે છે.

# દાન.

( લેખક, ભોગીલાલ મગનલાલ શાહ. મુ ગોધાવી. )

( અંક છઠ્ઠાના પાને ૧૮૧ થી અનુસંધાન )

દાનની ઉત્તમતા વા મધ્યમતા વિષે અનુમાન બાંધતાં નીચેની ત્રણ બાબતોનો વિચાર કરવાની જરૂર છે.

( ૧ ) દાતાની ચિત્તની પ્રસન્નતા, સ્થિતિ અને સંયોગો.

( ૨ ) ગ્રહણ કર્તા, તેની સ્થિતિ અને યોગ્યતા.

( ૩ ) દાનનો વિષય, તેની અલ્પતા વા બાહુલ્ય અને તેનો પાત્ર પરત્વે ભેદ.

દાતા જેમ ઉદાર અને સહૃદય તેમ તે વિશેષ નિર્લોભી હોય છે, અને વિરાગ વૃત્તિ ધારણ કરી શકે છે. સ્વાભાવિક રીતે વ્યવહારમાં પણ મનુષ્યનું ચિત્ત જેમ ઉદાર, તેમ તેના પર સર્વે મનુષ્યોનો સદ્‌ભાવ અને પ્રીતિ થાય છે તેના દરેક કાર્ય પ્રતિ જનસમૂહ ઉદાર ભાવથી જુએ છે. ઉદારતા એ ઇશ્વરી અંશ છે, અને ઉચ્ચ વા ઉન્નત મનની નિશાની છે. કૃપણતાથી અર્પેલું દાન શ્રદ્ધા ભાવ વિનાનું હોવાથી, તેમાં દયાનો અંશ બહુ અલ્પ પ્રમાણમાં હોય છે; જેથી દાતાના મનનો વિકાસ થઇ શકતો નથી. જે દાન દાતાના મનોભાવ વિશેષ, વિશેષતર અને વિશેષતમ જાગ્રત કરી તેમાં ઉચ્ચ દયાર્દ્રતાનો સંચાર કરે તે વાસ્તવિક દાન છે. પ્રસ્તુત દાનથી ભૂત–દયા જન કલ્યાણના વિચારના સંસ્કાર દાતાના મન પર પડે છે; અને તે સુદૃઢ થતાં તેના આત્માની શક્તિનો વિકાસ થાય છે. શ્રદ્ધા પ્રેમભાવ વિના દાનથી દાતાને કીર્તિ આદિનો ક્ષણિક લાભ થાય ! પરંતુ જો તે શ્રદ્ધા મિશ્રિત હોય તો તેથી દાતાને અત્યંત લાભ થાય છે. તેના મનમાં ભૂતદયાના ઉંડા સંસ્કારો પડવાથી અને દયા પરોપકાર વૃત્તિ જાગ્રત થઇ ખીલવાથી તેના આત્માની ઉન્નતિ થાય છે. તેથી જ કહ્યું છે કેઃ—

**अभिगम्योत्तमं दानमाहुर्वे चेव मध्यमं ।**
**अधमं च याचितं दानं सेवादानं तु निष्फलम् ॥**

" સંમુખ જઇને અર્પણ કરેલું ઉત્તમ દાન, આવેલાને અર્પણ કરેલું તે મધ્યમ દાન, અને યાચનાથી કરેલું તે અધમદાન, અને સેવા ( કાંઇ પણ બદલા )ની આશાથી કરેલું દાન નિષ્ફલ છે. " " સહજ મળ્યા એ દૂધ

બરાબર માંગ લીયાસો પાણી, ખેંચ લીયા એ રગત બરાબર, ગોરખ બોલ્યા વાણી ” સાધારણ રીતે સત્પાત્રને, દાનની વૃત્તિથી પ્રેમ પૂર્વક જે અપાય તે શ્રેષ્ટ દાન છે. યાચના વા સુચનાથી કરવામાં આવેલા દાનમાં દાતાનું ચિત્ત પ્રફુલ્લિત અને દયાર્દ્ર હોવાનો સંભવ ન્યૂન હોવાથી તેના ચિત્તની પ્રસન્નતા અનુસારે મધ્યમ ગણાય છે. જેમ લોકાપવાદના ભયથી કરેલું દાન ઉત્તમ ફળદાયક થતું નથી, તેમ કીર્ત્તિના ક્ષણિક લોભથી કરવામાં આપેલું દાન પણ ઇષ્ટ હેતુ કીર્ત્તિનેજ સુસાધ્ય કરે છે. ઉપરોક્ત બન્ને પ્રકારના દાનમાં દાતાનો લક્ષ્યવિષય ગ્રાહકનું હિત વિચારવા તરફ ન હોવાને લીધે દાન અલ્પાંશે ફલ દાયક થાય છે. ઘણે પ્રસંગે એવું બને છે, કે લોકાપવાદથી દાન કરનાર મનુષ્ય લોક લાગણી પ્રતિ દોરાય છે, અને દાનના વિષય–પાત્ર સંબંધિ દુર્લક્ષ્ય રાખે છે. કારણ કે તેનું લક્ષ લોકાપવાદથી પોતાનું રક્ષણ કરવાનું હોય છે. એજ રીતે કીર્તિ લોભી પણ ક્ષણિક વાહ વાહ કહેવડાવવાના ડોળમાં દાન લેનાર, તેની જરૂરીઆત, સ્થિતિ આદિ વિષય પ્રતિ દુર્લક્ષ્ય રાખે છે. દૃષ્ટાંત તરીકે ઉદ્યોગની હરિફાઇના પ્રસ્તુત જમાનામાં ધંધાહીન–નિર્ધન અને પગ મુકવાનો પણ આશ્રય વિનાના યુવકોને ( ઉદ્યોગી શહેરમાં રહેવાના અને ખાવા પીવાના સગવડની ) પણ કેટલી મુસ્કેલી નડે છે. તેવા સ્થળોમાં બોર્ડીંગ શયન ભોજન ગૃહ તેમને કેટલું આવકાર દાયક થઇ પડે છે. પરંતુ કીર્તિ લોભી મનુષ્યો ઉક્ત ઉપકારક વિષયનું પણ દુર્લક્ષ્ય કરી નાત વરા અને એવાજ અન્ય અનેક રૂઢ રિવાજોમાં દ્રવ્યનો કેવો કેવો મિથ્યા વ્યય કરે છે. કેટલીક સંસ્થાઓ સારી સ્થિતિમાં હોવા છતાં પણ તેમાં વૃદ્ધિ કર્યા કરી શા. નર્મદાશંકરભાઇના શબ્દોમાં **વૃથા વૃષ્ટિ સમુદ્રેષુ** સમુદ્રમાં પડેલો મેઘ જેમ વૃથા જાય તેમ અથવા **વૃથા તૃપ્તેષુ ભોજનમ્** ધરાયેલાને ભોજન આપવું જેમ નિરૂપયોગી થાય તેમ અથવા **વૃથા દાનં ધનાઢયેષુ** ધનવાનને દાન આપવું જેમ વૃથા ગણાય તેમ ભરતામાં ભરવા જેવું તેઓ સાહસ કરે છે. જે સાધનો અસ્તીત્વમાં હોય અને જેનો લાભ સરળતાથી પ્રજા વર્ગને મળી શકતો હોય તે સાધનો પ્રતિ દૃષ્ટિ રાખી નિરંતર તેમાંજ વધારો કરવામાં દાતાના બળનો ક્ષય થવાથી અન્ય સાધનોને તંગીમાં રહેવું પડે છે. આવા પ્રકારના અવિવેકને લીધે પ્રજાને બહુજ શોષવું પડે છે. પ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાન લેકી કહે છે કે “ સખાવત કરવાના કામમાં અવિવેકથી વર્ત્તવામાં આવે તો લોકોના કર કસર કરવાના, ઉદ્યમશીલ થવાના, દૂરદેશીપણું વાપરવાના અને સ્વમાન તથા આત્મા વલંબનના ગુણો નાશ પામે છે ” સાધન સંપન્ન બલિષ્ટ લોકોને દાન મલવાથી તેઓ વિશેષ આળસુ અને દરિદ્રી થાય છે.

# બોર્ડીંગ પ્રકરણ.

મદદ—૫–૦–૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી.

૫૦–૦–૦ શેઠ સારાભાઈ. ડાહ્યાભાઈ. બા. દરવરસે રૂપિઆ ત્રીશ પ્રમાણે આપવા કહેલા તે પૈકી બીજા તથા ત્રીજા વરસના મુ. અમદાવાદ.

૫–૦–૦ શા. લલ્લુભાઈ માણેકચંદની વતી. શેઠ. મીઠાભાઈ કલ્યાણજીની પેઢી. મુ. કપડવણુજ

૧૫૦–૦–૦ શા. પોચાલાલા કુંગરશીની વતી. શા. કેશવલાલ ત્રીકમદાશે આપ્યા. મુ. પ્રાંતીજ

૫૧–૦–૦ શા. ભોગીલાલ શાંકલચંદ. ગામ. ખેડાવાળાની વતી; અમદાવાદવાળા બાલાભાઈ મનશુખરામે આપ્યા.

૨૦૦–૦–૦ શા. કસ્તુરચંદ. નહાનચંદ. મુ. મુંબઇ.

૧૦–૦–૦ પરી. હીરાચંદ રાયચંદ. મુ. મુંબઇ.

૨૫–૦–૦ શા. મનસુખરામ. હુકમચંદ. મુ. અમદાવાદ

૧૦–૦–૦ શા. ફુલચંદ વલ્લભજીની વતી. શા. મોતીલાલ તલકશીએ આપ્યા. મુ. અમદાવાદ.

૫૦–૦–૦ ઝવેરી. હલસુખભાઇ. લલ્લુભાઇ. મુ. અમદાવાદ.

૧૦૦–૦–૦ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી

૨–૦–૦ વકીલ. મોહનલાલભાઈ ગોકલદાશ. મુ. અમદાવાદ.

૨૫–૦–૦ શા. નાથાલાલ. બલાખીદાશ. મુ. અમદાવાદ.

૩૦–૦–૦ ઝવેરીના મહાજન તરફથી. વિ. પુંજાભાઇ છગનલાલ ને કોમરશીયલ લાઇનનો અભ્યાસ કરવા માટે આપ્યા હા. ઝવેરી ડાહ્યાભાઇ કપુરચંદ મુ. અમદાવાદ.

૫–૦–૦ ઝવેરી. મોહનલાલ બા. વિ. પુંજાભાઈ છગનલાલ ને કોમર શીયલ લાઇનનો અભ્યાસ કરવા માટે આપ્યા. મુ. અમદાવાદ.

૧–૦–૦ ઘડીઆલી લલ્લુભાઇ. જેઠાભાઇ મુ. અમદાવાદ.

૬૦–૦–૦ બ્હેન. મણી. ઝવેરી ડાહ્યાભાઈ ધોલશાજીની વિધવા. ઝવેરી. ડાહ્યાભાઇ ધોલશાજી સ્ટુડન્ટસલાયબ્રેરી ખાતે આપ્યા. હા. ઝવેરી. ડાહ્યાભાઇ કપુરચંદ. મુ. અમદાવાદ.

**પરચુરણ.** એક સદ્‌ગૃહસ્થ તરફથી રંગીન છન વાર ૧૫ આવ્યું છે મુનિમહારાજ શ્રી. લબ્ધિ વિજયજી તરફથી પ્રશ્નોતર પ્રદીપ આદી ગ્રન્થ ત્રણ. એ નામની ચોપડી એક આવી છે.

શેઠ. લલ્લુભાઇ રાયચંદ તરફથી વિ. ને જમણ માટે લાડવા મણ ૧) આપ્યા છે.

**મેળાવડો.**—તા. ૧૬–૧૧–૦૯ ના રોજ ઝવેરી અમૃતલાલ મોહનલાલ નાં સૌભાગ્યવતી પત્ની બાઈ ચંપાના સ્મરણાર્થે તેઓ તરફથી બોર્ડીંગ ના વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે એક મેળાવડો ભરવામાં આવ્યો હતો જેની અંદર વાર્ષીક પરિક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને રૂપિઆ ત્રીશનું ઇનામ વહેંચવામાં આવ્યું હતું.

તા. ૨૬–૧૨–૦૯ના રોજ કોઠ મુકામે મુનિમહારાજ શ્રી બુદ્ધિ સાગર જીના પ્રમુખપણા નીચે બોર્ડીંગ માટે ટીપ થએલી તેમાં નીચેના સદ્‌ગૃસ્થોએ નીચે મુજબ રકમ આપી છે.

૫૧–૦–૦ શા. લવજીભાઇ દીપચંદ.
૩૪–૦–૦ શા. લવજીભાઈ દીપચંદ. જ્ઞાનખાતે.
૬૫–૦–૦ શા. સંઘજીભાઈ કરશનદાશ.
૫૧–૦–૦ શા. છગનલાલ હુકમચંદ.
૧૦–૦–૦ શા. ચકુભાઇ હંસરાજ.
૨૫–૦–૦ શા. રતનચંદ નહાનચંદ.
૮–૦–૦ શા. મોતીલાલ ગીરધર
૨૫–૦–૦ સંઘવી. હેમચંદ પુરસોત્તમ.
૧૦–૦–૦ મહેતા. હરીશંગ ગગાભાઇ.
૧૦–૦–૦ બ્હેન. ચંપા. હરીશંગ ડાહ્યાભાઇની ભાણેજ.
૫–૦–૦ શા. માણેકચંદ હેમચંદ.
૫–૦–૦ સંઘવી. ઓઘડભાઇ બહેચરદાસ.
૧૫–૦–૦ શા. ચતુરભાઇ ગોકલદાસ. મુ. સુંદી.
૫૧–૦–૦ શા. હરખચંદ પીરજી.

ॐ नमः सिद्धेभ्यः ।

# જૈનધાર્મિક જ્ઞાન.

લેખક. ( ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. બી. એ. જૈનબોર્ડીંગ તારદેવ મુંબાઇ. )

**तज्जयति परंज्योतिः समंसमस्तैरनन्तपर्यायैः ।**

**दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र ॥**

અરિહંત નમું, નમું સિદ્ધ નમું. આયરિય ઉવઝાય નમું. નમું નમું સર્વ સાધુ નિરંજન, કેવળી વદે જૈનધર્મ નમુ.

ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ પોતાનું શાસન પ્રવર્તાવવા સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પોતાની મધુર વાણીથી ઘણા મનુષ્યોને સંસાર સાગરમાંથી બુડતા તેઓએ બચાવ્યા અને અખિલ સૃષ્ટિમાં જ્ઞાન પ્રકાશ સર્વત્ર પ્રસાર્યું. તેમના નિર્વાણ પછી મોટા મોટા પ્રાભાવિક આચાર્યો, દયાળુ જૈનરાજાઓ, તથા ભક્તિવાળા શ્રાવકોએ જૈનધર્મને દીપાવ્યો ને જૈન કોમ જ્ઞાન અને ધનથી સુખી થઈ. પણ આપણી આધુનિક સ્થિતિ ઘણી શોકજનક છે. ક્યાં છે શ્રેણિક, સંપ્રતિને કુમારપાળ જેવા જૈનધર્મી રાજાઓ—તે સર્વે ગયા વળી હેમચંદ્રાદિ જેવા ધર્મ ધુરંધર વિદ્વાન્, અખંડ ચરિત્ર પાળક સાધુઓ, વિમળશા, જગડુશા, વસ્તુપાલ, તેજપાલ જેવા ઉદાર શ્રાવકો હાલ દૃષ્ટિગોચર થતા નથી. હમણાં શું આપણી નજરે પડે છે. ચક્રધારાની પેઠે આપણી દશા ઉંચેથી નીચે ગયેલી જણાય છે. સંપ સરોવર સુકાઇ ગયું છે અને આપણે ભિન્ન ભિન્ન ગચ્છોરૂપી કચ્છમાં માંછલા માફક તરફડીઆં માર્યા કરીએ છીએ. આપણામાંથી જ્ઞાનરૂપી દીવો કજળાતો ચાલ્યો જાય છે. આપણા સૂત્રો સમજવા દુર્લભ થઇ પડ્યાં છે. આપણામાં કુધારા રૂપી રાક્ષસો, ક્રૂરતાથી વર્તે છે. આપણો ધર્મ હાલ બાહ્યક્રિયામાંજ સમાયેલો જાણે હોય નહિં. જૈનધર્મનું અંતર સ્વરૂપ સંતાઈ ગયું છે. આપણા કિમતી જ્ઞાનથી ભરપુર પુસ્તકો ભંડારોમાં સડે છે, ખવાઈ જાય છે. આપણા સાધુઓ ઘણે ભાગે અજ્ઞાન દેખાય છે ત્યારે શ્રાવકોનું તો પૂછવુંજ શું.

જૈનધાર્મિક જ્ઞાન એટલે ઘણે ઠેકાણે સ્તવનો તથા જૂજ પ્રતિક્રમણાદિ સૂત્રોનો શુક પાઠજ.

**અહહ**, ખેદજનક અધોગતિ ! જે ધર્મમાં તત્ત્વવેત્તાઓની ચાંચ પણ

ન બૂડે તેવા ગ્રંથો હાલ મોજુદ છે, તે ધર્મના લોકોમાં ગાઢ અજ્ઞાન તિમિર છવાઇ રહ્યું છે. અમૂલ્ય હસ્ત લિખિત ગ્રંથો અમૂલ્ય તાડપત્રો, અમૂલ્ય શિલાલેખો સાંપ્રતકાલમાં એવી દુર્દશામાં આવી પડયા છે કે જ્ઞાન રસિક મનુષ્યને અશ્રુપાત થયા વગર રહેજ નહિ. અરે જાગો ત્યારે હે ભાઇઓ પ્રમાદ દૂર કરો.

આવી દીલગીરી ઉપજાવે એવી આપની અવસ્થા માટે રડવું અત્યારે ઉચિત નથી. ચાલો ત્યારે આપણા પ્રસ્તુત વિષય તરફ વળીએ. જ્ઞાન કેવી ચીજ છે તેથી કેવા ફાયદા થાય છે તેનું માહાત્મ્ય કેટલું છે તેના ઉપર આપણે વિચાર ચલાવીએ.

જ્ઞાન એટલે જાણવું તે. આ દુનિયામાં ઘણા પદાર્થો છે. તે બધાનું જ્ઞાન લેવા આપણે હાલ અશક્ત છીએ. આપણી ઇંદ્રિયો આંખ, કાન, નાક, જીભ, સ્પર્શ સર્વે અપૂર્ણ છે એટલે જ્ઞાન પણ આપણને અપૂર્ણ મળે છે.

આપણી ઇંદ્રિયો અપૂર્ણ છે એટલુંજ નહિ, પણ આપણી પાસે જ્ઞાન મેળવવાના બીજાં સાધનો પણ અપૂર્ણ છે. કેવલ જ્ઞાની પુરૂષો હાલ જણાતા નથી. માત્ર આપણા પુસ્તકોનુંજ સાધન છે, તે પણ કંઇ પૂર્ણ હોઇ શકે નહિ. આમ આપણા સાધનો ખામીવાળા છે તેથી નિરાશાથી જ્ઞાન મેળવતાં અટકવું નહિ જોઇએ. જેટલું જે દિશામાંથી જેવું જ્ઞાન મળે તે ગ્રહણ કરવું જોઈએ. કારણ કે જેમ ખેડથી સુધારેલી જમીન તેમાં રોપેલા બીજને ઉછેરી વૃક્ષરૂપ કરવામાં સહાયતા કરે છે તેમ વિદ્યાભ્યાસથી કેળવાયેલી બુદ્ધિ, પ્રામ થયેલાં હરકોઇ મોટાં કાર્યો સિદ્ધ કરવામાં ઘણી મદદ કરે છે. જેની બુદ્ધિ કેળવાયલી નથી તે વગર ખેડેલી જમીનની જેમ છોડને મુંઝવી નાંખે છે તેમ પ્રાપ્ત થયેલા કાર્યને ગુંચવી નાંખે છે, માટે વિદ્યાભ્યાસરૂપી ખેડથી બુદ્ધિરૂપ જમીનને જરૂર સુધારવી જોઇએ, એક નાનો ભરવાડનો છોકરો કાંઇ પણ હથીઆર કે લાકડી વિના ઘણી ગાયો ને ભેંસોના ટોળાને દોરી જાય છે તે શાથી? શું તે કોમળ શરીરના શિશુનું શારીરિક બળ એક જબરજસ્ત રૂષ્ટ પુષ્ટ ભેંસના શારીરિક બળની પાસે નજીવું નથી.? પણ પોતાના મનોબળ પોતાના જ્ઞાનબળથી તે છોકરો તેવી રીતે પશુઓ ઉપર સરસાઇ ભોગવે છે. ત્યારે જ્ઞાનબળની મહત્તા સર્વેને સમજાય તેવી છે. જ્ઞાનબળથીજ પાશ્ચાત્ય દેશના લોકો હાલ આપણાથી કલાકૌશલ્યમાં આગળ વધ્યા છે. જ્ઞાને તો આ સૃષ્ટિનું મુખ ફેરવીજ દીધું છે. રેલ્વે, ટેલીગ્રાફ, સ્ટીમર મોટોર, બાઇસીકલ વિગેરે જ્ઞાનનુંજ ફળ છે. શો જ્ઞાનનો પ્રભાવ!! શું તેનું મહત્વ.

"જ્ઞાન મનુષ્યનું અધિકરૂપ તથા ઢાંકેલું ગુપ્ત ધન છે તે ધન, ભોગ, યશને સુખને આપનારૂં છે. ગુરૂનું પણ ગુરૂ, પ્રવાસમાં બંધુજન સમાન અને પરમ-દૈવતરૂપ છે. રાજદરબારમાં વિદ્યાજ પૂજાય છે. ધન પૂજાતું નથી. માટે વિદ્યાહીનને પશુ સમાન ગણવો." વળી હિતોપદેશમાં લખ્યું છે કે 'વિદ્યા મનુષ્યને વિનય આપે છે વિનયથી યોગ્યતા મળે છે. યોગ્યતાથી ધન, ધનથી ધર્મ અને ધર્મથી સુખ ઉપજે છે' વિદ્યા–જ્ઞાનના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. તેનું સ્વરૂપ અકથ્ય—અવર્ણનીય છે. વિદ્યા માતાની પેઠે રક્ષા કરે છે. પિતાની પેઠે હિતમાં જોડે છે. સ્ત્રીની પેઠે ખેદ દૂર કરીને આનંદ આપે છે. લક્ષ્મીનો વધારો કરે છે. અને સર્વ દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. વિદ્યા કઇ વસ્તુ નથી મેળવી આપતી ? અર્થાત્ કલ્પલતાની માફક દરેક ઇચ્છિત વસ્તુને લાવી આપે છે. સાહિત્યવિહીન પુરૂષ ઘાસ નથી ખાતો તે પશુઓનો એક ભાગ્યોદયજ ગણવો. પડતી દશામાં આશ્રયરૂપ સ્નેહીઓના વિયોગ સમયે આનંદ આપનારી વિદ્યા તેના માલિકના કુળનો મહિમા વધારે છે. વિદ્યારૂપી ધન ચોર તથા રાજાથી હરાતું નથી, ભાઇઓથી લુંટાતું નથી. વિદ્યાધન કંઇ ભાર કરતું નથી. કોઇને આપવાથી ઘટવાને બદલે નિરંતર વધે છે માટે વિદ્યાધન સર્વ ધનમાં મુખ્ય ધન છે. વિદ્યાઉપરજ આપણો સાંસારિક તથા ધાર્મિક સુધારો આધાર રાખે છે. વિદ્યા બે પ્રકારની છે. વ્ય-વહારોપયોગી ને ધાર્મિક. વ્યવહારિક વિદ્યાથી મનુષ્ય પોતાનો સંસાર વ્યવહાર ચલાવવામાં તેમજ ગુજરાન ચલાવવામાં કુશળ થાય છે. અને ધાર્મિક વિદ્યાથી ધર્મની ક્રિયાઓ તથા ધર્મનું જ્ઞાન પ્રસરે છે અને તેથી પરંપરાએ વિવિધ જાતિના સુખનો અનુભવ લઈ પંચમ ગતિને પ્રાપ્ત થાય છે. માટે આ બંને પ્રકારની વિદ્યાની આવશ્યકતા છે વ્યવહારિક કેળવણી જો કે આપણી માનવતી બ્રિટિશ સરકારે બની શકે એટલી સારી સ્થિતિમાં મુકી છે તોપણ કોઇ કોઇ બાબતમાં કેટલીક કોમને તેમાં અનુચિત લાગે એવું વખતે જોવામાં આવે છે. આપણી કોમના બાળકો સરકારી નીશા-ળોમાં ભણીને ઘણો લાભ લેછે તેને માટે આપણે બ્રિટિશ શહેનશાહતને ખરા દિલથી ધન્યવાદ આપવો ઘટે છે તેમજ આપણા ધર્મને પ્રતિકૂલ આવતી કેટલીક બાબતોને માટે આપણી કોમ તરફથી સુધારો કરવાને માટે પ્રયાસ કરવો જોઇએ. અંગ્રેજ સરકારની નીશાળોમાં કોઇ અમુક કોમની અગવડતા દૂર કરવાને માટે અંગ્રેજ અમલદારો સુધારો કરવા મથે તોપણ સર્વ ધર્મના લોકને રૂચે એવી પદ્ધતિ અને શીક્ષણ તથા ગ્રંથમાળા નીશા-ળોમાં દાખલ કરવાનું કામ તેઓને ઘણું મુસ્કેલ પડે. તેથીજ એ વાત જરૂરની છે કે કોઈ અમુક ધર્મના લોકોને કોઇ પસંદ ન પડે એવો વિષય

તથા વિચાર, સરકારી નીશાળોપયોગી પુસ્તકોમાં આવતો હોય તો તેને માટે બની શકે એવો ફેરફાર કરવાને માટે કેળવણી ખાતાના ઉપરીઓને સૂચના તથા વિનતિ કરવી અને તે છતાં યોગ્ય ફેરફાર થઇ ન શકે તો પોતાના ધર્મને અનુકૂળ પડે એવાં પુસ્તકો તૈયાર કરાવી પોતાના બાળકોમાં તેનો ફેલાવો કરે તો તે પણ અયોગ્ય કહેવાય નહિ. વ્યવહારિક શાળોપયોગી પુસ્તકોને માટે અનેક વિચારો આપણા મગજમાં આવે અને તેથી વ્યવહારિક શાળોપયોગી પુસ્તકો આપણી કોમને અનુકૂળ આવે એવા કાઢીએ તો તેમાં જો કે આપણી કોમના મનુષ્યો સંમતિ આપે પણ સરકારી અમલદારો તેવાં પુસ્તકો ઉપર મીઠી નજરથી જુવે કે નહિ એ મોટો સવાલ છે પણ એ તો નિઃસંશય વાત છે કે આપણે ધાર્મિક કેળવણી આપવા માટે જુદીજ ગ્રંથમાળા તૈયાર કરીએ તો તેમાં કોઇ પણ તરફનો બાધ આવે એમ લાગતું નથી. આવા પુસ્તકો આપણી જૈનશાળામાં ચલાવીએ તો તેથી ધર્મનું જ્ઞાન આપણી કોમમાં વૃદ્ધિ પામશે અને અજ્ઞાન લોકોથી દાખલ થયેલા કેટલાક હસવા લાયક રીવાજ તેમજ કેટલીક ધર્મની ક્રિયાઓમાં સારો સુધારો થવા સંભવ છે. જૈનશાળાઓમાં કેવા શિક્ષકો જોઇએ તે પણ એક મોટો અગત્યનો સવાલ છે. હાલમાં આપણી ઘણી ખરી જૈનશાળાઓમાં યોગ્ય શિક્ષકોની ખામીને લીધે ઘણી જાતની ગેરવ્યવસ્થા જોવામાં આવે છે. સારા પગારથી વિદ્વાન્ અને આબરૂદાર શિક્ષકો આપણી શાળાઓમાં નીમાય તો આપણાં બાળકોમાં ધર્મનો ઘણોજ સારો પાયો નંખાય અને ભવિષ્યમાં આપણી કોમમાંથી અનીતિ અને અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને નીતિ અને જ્ઞાનનું અજવાળું દીપી ઉઠે. સરકારી નીશાળોમાં વખત દીવસનો હોય છે તેથી કરીને આપણી જૈનશાળાઓમાં કે જેમાં માત્ર ધાર્મિક જ્ઞાન અપાય તેનો વખત સાંજે યા સવારે અનુકૂળ છે, પણ આપણી જે શાળાઓમાં વ્યવહારિક અને ધાર્મિક બંને જાતનું જ્ઞાન અપાય છે તેનો વખત દિવસનો ઉચિત છે. પણ આપણી જૈનકન્યાશાળાઓનો વખત તો કોઇ પણ રીતે રાત્રે હોવો જોઇએ નહિ અને તેમના શિક્ષકો બનતા સુધી સ્ત્રીવર્ગમાંથી પસંદ કરવા જોઇએ અને સ્ત્રી શિક્ષક કોઇ પણ પ્રકારે ન મળી શકે તો બનતા સુધી વૃદ્ધ શિક્ષક કન્યાશાળાઓમાં નીમાવા જોઇએ અને તે પણ બની ન શકે તો જે શિક્ષકો પોતાની સારી ચાલથી અને સારા સર્ટિફિકેટોથી યશસ્વી બન્યા હોય તેમને નીમવા જોઇએ. આ શિક્ષકોએ શુદ્ધ ઉચ્ચાર શરૂઆતથીજ અને ધીરજથી શીખવવા જોઇએ અને જે સૂત્રો શિખવવામાં આવે તેનું સંપૂર્ણ જ્ઞાન શિક્ષકોને હોવું જોઇએ. ચાલુ.

# જૈનધાર્મિકજ્ઞાન, જ્ઞાનથી થતા ફાયદા,

# જ્ઞાનનું માહાત્મ્ય.

લેખક—( શા. ડાહ્યાભાઇ ઇશ્વરદાસ. મુંબઈ.)

( અંક દશમાના પાને ૩૧૪ થી અનુસંધાન.)

## વિદ્યાથી થતા ફાયદા.

ખાવું, નિદ્રા લેવી, ભય રાખવો, અને મૈથુન કરવું એ ચાર બાબત જેમ મનુષ્ય કરે છે, તેમ પશુ પણ કરે છે. પરંતુ મનુષ્યોને જ્ઞાન છે અને પશુઓને નથી ફક્ત માણસ અને પશુમાં એટલોજ તફાવત છે. આમ હોવાથી જે માણસમાં જ્ઞાન ન હોય તેને પશુ તુલ્ય સમજવો. આ વાત કાંઇ પ્રમાણોથી સિદ્ધ કરી બતાવવાની જરૂર રહેતી નથી. મનુષ્યનું જ્ઞાન કેટલેક અંશે મારા ધારવા મુજબ રબર સરખુ છે. રબર જોવાથી તો બીજા પદાર્થની માફકજ માલુમ પડે છે પણ તેને ખેંચતા વાર લાંબુ થાય છે એવીજ રીતે માણુસો અને પશુઓ જન્મતી વખતે સરખાંજ હોય છે તોપણ માણસ જ્ઞાની થઇ શકે છે પણ પશુમાં જ્ઞાની થવાની યોગ્યતા કે શક્તિ હોતી નથી આમ હોવાથી હાથી સરખું બળવાન પ્રાણી માણસના કબજામાં રહી શકે છે. જ્ઞાન કેટલેક અંશે રબર સરખું છે એમ કહેવાનું કારણ એટલુંજ કે રબરનો દાખલો કાંઇ સર્વ અંશે જ્ઞાનને લાગુ પડી શકતો નથી. કારણ કે જો તેને પ્રમાણ કરતાં વધારે ખેંચવામાં આવે તો તે તુટી જાય છે. પરંતુ જ્ઞાનરૂપી રબરને જોઇએ તેટલુ લંબાવીએ એટલું વધારી શકાય છે. જ્ઞાન અનંત છે. મહાન પ્રતાપી ગુરૂ મહારાજો તેમજ પવિત્ર પુસ્તકો એજ જ્ઞાન મેળવવાનાં મુખ્ય સાધન છે. તથાપિ તે ઉપર આધાર રાખી રહેવું નહીં જોઇએ જે પુસ્તક ઉપરથી કે જે ગુરૂ વડે આપણે જ્ઞાન મેળવીએ છીએ તે પુસ્તક કર્ત્તા અને તે ગુરૂએ જે જ્ઞાન મેળવ્યું હશે તે જ્ઞાન કાંઇ જન્મથીજ તેઓએ મેળવ્યું નહીં હોય એ વાત લક્ષમાં રાખવાની છે, તેઓએ અહો રાત્રી શ્રમ કરીને પોતાનું જ્ઞાન વધારેલું હોવું જોઇએ તેમાં કશો પણ શક નથી. આપણે પણ તેવીજ રીતે

અહો રાત્રી શ્રમ કરીને જ્ઞાન વધારવું જોઇએ. આ સૃષ્ટિસૌન્દર્યનું સ્વરૂપ સમજવાને આપણે આપણું જ્ઞાન વધારવું જોઇએ. પોતાનું જ્ઞાન પોતાના વર્તનમાં જે બતાવી શક્યો નહીં તેનું જ્ઞાન શા ઉપયોગનું? કુદરતે જ્ઞાન પ્રાપ્તનો રસ્તો આપણને સુલભ કરી આપ્યો છે, પરંતુ તે મૂર્ખ માણસને માટે દુર્લભ છે. જેટલું શીખવવામાં આવે તેટલું જ્ઞાન વધે છે, અને નવું નવું જોવા જાણવાથી તથા શીખવવાથી બુદ્ધિ વિશાળ થાય છે. ગમે તેટલું જ્ઞાન મેળવવા છતાં તે જ્ઞાન અભિમાનથી વ્યર્થ જાય છે. સર્વ સંપત્તિ કરતાં જ્ઞાન સંપત્તિ ઘણીજ અમુલ્ય છે. બીજી સંપત્તિને ચોરો ચોરી લઇ જાય છે અને તે નાશ પામે છે પણ જ્ઞાન સંપત્તિને ચોર ચોરી જતો નથી તેમજ તેનો નાશ કદી પણ થતો નથી. એક ઠેકાણે એક શ્લોક છે તે નીચે મુજબઃ—

**विद्या नाम नरस्य रुपमधिकं प्रछन्नगुप्तं धनं**
**विद्या भोगकरी यशः सुखकरीः विद्या गुरूणां गुरुः**
**विद्या बंधुजनो विदेशगमने, विद्या परा देवता**
**विद्या राजसु पूजिता नतु धनं, विद्याविहीनः पशुः**

**અર્થ**—વિદ્યા એ મનુષ્યનું અધિક રૂપ કરતાં પણ ગુપ્ત ધન છે, વિદ્યા અનેક પ્રકારના ભોગ, યશ, અને સુખ કરનારી છે એટલુંજ નહીં પરંતુ ગુરૂનો ગુરૂ છે. વિદ્યા એ પરદેશમાં બંધુ (ભાઇ) સમાન છે અને દેવતાઓથી પણ અધિક છે. વિદ્વાન ધનવાન કરતાં પણ આખા જગતમાં ઉત્તમ ગણાય છે. પરંતુ વિદ્યા વગરનો પુરૂષ પશુ સમાન છે માટે જ્ઞાન સંપત્તિમાં એક એવી જાતનો અદ્ભુત ચમત્કાર રહેલો છે કે તેને જેમ જેમ આપણે ખરચીએ તેમ તેમ તે વધતી જાય છે બીજી સંપત્તિમાં ભાઇ કે પુત્રો ભાગ પડાવી શકે છે પણ જ્ઞાન રૂપી સંપત્તિમાં કોઈ ભાગ પણ પડાવી શકતું નથી સર્વ વિષયો કરતાં જ્ઞાન ઘણુંજ ઉત્તમ છે, અને જ્ઞાન વગર મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરી શકાતો નથી. જગતમાં અયોગ્યતા વિનાના માણસો યોગ્ય મનાય છે. એ આ દુનિયાનું મોટું અજ્ઞાન છે. કિંવા લોકોનું એ મોટું મૂર્ખત્વ છે. અજ્ઞાનથી ભય અને અતિ પ્રીતિ ઉત્પન્ન થાય છે. જેઓ જ્ઞાની હોય છે તેઓમાં ભય અને પ્રીતિ ઉત્પન્ન થવા પામતી નથી. માટે દુનિયા અજ્ઞા-

નથી ભરપુરછે તેની સાથે વળી તે ક્ષણભંગુર પણછે. આમ હોવાથી જેઓની પાસે જ્ઞાનરૂપી ધન છે તેઓએ ગર્વથી એમ નહીં માનવું જે મારી પાસે બહુ વિદ્યા છે કારણ કે ધન અને વિદ્યા એ ક્યાંએ જતાં રહેશે તેનો કશો પણ ભરૂસો નથી. માટે ખરો જે વિદ્વાન હશે તે કદી પણ ફોકટ ગર્વ કરશે નહી એ વીષે એક સંસ્કૃત શ્લોક નીચે મુજબ.

**तावद्गर्जंति शास्त्राणि जंबुका विपिने यथा**
**न गर्जति महाशक्तिर्यां वद्वेदान्तकेसरी.**

મૂર્ખ માણસની ગર્જના જંગલના શીયાળવાની ગર્જના સમાન છે પરંતુ જેમ સિંહ બલવાન છતાં વગર પ્રયોજને ગર્જના કરતો નથી તેમ ખરો વિદ્યાભ્યાસી અથવા ખરા જ્ઞાનવાળો પણ ફોકટ બકવાદ કરતો નથી. આપણે અજ્ઞાન થયા વિના રાજ્ય અને રત્નચિંતામણી રૂપી ધર્મ આપણને છોડતાં નથી. માટે જે માણસો પોતે જ્ઞાન સંપાદન નથી કરતા અને પોતાના બાળકોને પાસે નથી કરાવતા તેઓ ખરેખર ક્રૂર ઘાતકી પ્રાણીઓના કરતાં પણ વધારે ક્રૂર હોય છે. જ્ઞાન વગરની એવી કોઇ પણ ચીજ નથી કે જે માણસને આ ક્ષણભંગુર દુનિયામાં તેમજ પરલોકમાં ઉન્નતિના મોક્ષરૂપી શિખરે પહોંચાડી શકે માટે પ્રથમમાં મારે કહેવું જોઇએ કે જ્ઞાન માણસોને કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે! તો ફક્ત ઉત્તરમાં મારે સ્ત્રી કેળવણી સંબંધી બે બોલ લખવાનો હેતુ છે. જ્યાં સુધી આપણે સ્ત્રીઓને ભણાવી ગણાવી નથી ત્યાંસુધી આપણામાં જ્ઞાન કદી પણ આવવાનું નથી અને નથી જ. કારણ કે બાળકોને બધા ગુરૂઓમાંથી મોટામાં મોટો ગુરૂ મા છે. દશ ઉપાધ્યાયથી એક આચાર્ય શ્રેષ્ટ. સો આચાર્યથી એક પિતા શ્રેષ્ટ; અને એકહજાર પિતાથી એક માતા શ્રેષ્ટ છે. માટે જો માતા ભણેલી અને કેળવાયલી હોય તો તેનાં બાલક પણ તેવાંજ નીવડે છે આપણામાં પણ કહેવત છે કે **गृहंतु गृहिणी हीनं कान्तार राद्दति रिच्यते** (ઘર ગૃહીણી વીનાનું સમસાન છે.)

જગતમાં પુરૂષ બહુ બહુ કાર્યો કરે છે, નવી નવી શોધો કરે છે, સં-

સાર વ્યવહારનો તમામ બોજો ઉપાડે છે પણ પોતાના વિમળ અને ઉજ્વલ પ્રેમથી સારી ભણેલી અને કેળવાયલી સ્ત્રીજ પુરૂષને પોષણ આપે છે;

સ્ત્રી આખા વિશ્વનું ઉત્પત્તિ સ્થાન છે. જેમ દીપકથી અંધારાનો નાશ થાય છે તેમ સદગુણી સ્ત્રીની સુપ્રસન્ન અને પ્રેમભરી વૃત્તિઓથી આખા ઘરમાં કલેશ માત્રનો લય થાય છે. પૂર્વે સ્ત્રીઓ પતિના મરણ પછી તરત જ સતી થતી હતી. સતી થવાનો ચાલ કોઈ પણ રીતે સારો નથી તોપણ એ ઉપરથી સ્ત્રીના પ્રેમાલ અંતઃકરણનો સબલ પુરાવો મળે છે. પોતાના બાળકને સુખ થાય એ માટે માતા કેટલી બધી કાલજી રાખે છે. બાળકને સુકામાં સુવાડે છે અને પોતે ભીનામાં સુએ છે. એના અગણીત ઉપકાર નીચે આખું વીશ્વ દબાયેલું છે. બાળકને સૌથી વધુ નીકટનો સંબંધ પોતાની માતાનો છે અને તેથી બાળકની નીતિ અને વર્તન ઉપર માતાસિવાય બીજા કોઈની છાપ પડતી નથી. બાળકના આત્મવિકાસ ક્રમરૂપ દ્વારની ચાવી માતાનીજ પાસે છે અને માતાજ બાળકના મનપર વર્તનથી છાપ બેસાડે છે. જો માતા સુનિતિવાન હોય તો તેનું બાળક પણ સદાચારી થાય છે અને જો માતા મુર્ખ અને અનીતિવાન હોય તો તેનું બાલક પણ મંદમતિનું અને દુરાચારી થાય છે આટલા માટે જે આ દુનીયામાં પ્રખ્યાત થએલા મહાન નેપોલીઅન બોનાપાર્ટની કવીતા ઘણીજ ઉપયોગી થઇ પડી છે તે કવીતા નીચે મુજબ.

કહે નેપોલિઅન દેશને કરવા આબાદાન,
સરસ રીત તો એ છે જે દો માતાને જ્ઞાન

વિદ્યા જ્ઞાનથી સ્ત્રીઓનાં મન સંસ્કાર પામેલાં થવાની બહુ જરૂર છે ઘણાજ ઉત્તમ ગુણો સ્ત્રીઓમાં હોય છે પણ જેમ પેલ પાડયા વીનાનો મણી બહુ મુલ્યવાન ગણાતો નથી તેમ શિક્ષણ પામ્યા વીનાની સ્ત્રી કે પુરૂષ બહુ ઉપયોગી થઈ શકતી નથી. સ્ત્રી શિક્ષણ કેટલા પ્રમાણમાં દેશોપકારક થઈ શકે છે તેનો પ્રત્યક્ષ દાખલો જાપાન છે. થોડાં વર્ષો ઉપર જે દેશનો બિલકુલ હીસાબજ નહોતો તે દેશથી આજે પોતાના અપૂર્વ બળથી યુરોપ જેવાં બલવાન રાજ્યો પણ બીહતાં ફરે છે. આનું મુખ્ય કારણ એ છે કે જાપાને રાજ્યનું અડધું અંગ સ્ત્રી તેને યોગ્ય શિક્ષણ આપ્યું.

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા.

## —દરેક પુસ્તકો હવે તૈયાર છે.—

ગયા અંકમાં તથા જૈન જોડે વહેંચાએલ જાહેર ખબર વાંચકોને યાદ હશે.

ટુંકી મુદત રાખવાનું શું કારણ? તે પણ યાદ હશે.

જૈન જોડે હેન્ડબીલ તો પોસના છેવટના દિવસોએ વહેચાણાં. કારણ, પરમાત્મજ્યોતી તથા પરમાત્મદર્શન બંધાતાં વિલંબ થયો અને તેથી અમે મહીનાની ટુંકી મુદત જણાવી, તેમાં પણ દીન આઠજ ગ્રાહકોને મળ્યા જે માટે તે ભેટોવાળા ઓર્ડરોની મુદત માહ વદ ०)) કરવામાં આવી છે.

## બધાં પુસ્તકો તૈઆર છે.

વી. પી. થી. તાકીદે લખો, મુંબઈ ઠે. ચંપાગલી, નં. ૨.

અમદાવાદ. ઠે. નાગોરી સરાહ,

બુધ્ધિપ્રભા ઓફીસ.

મુંબઇ, ચંપાગલી.
તા. ૧૦-૨-૧૦.

લી.
શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.

તા. ક. મજકુર પુસ્તકો મુંબઈ, અમદાવાદ, ભાવનગર, પાલીતાણા, પુના, પાદરા એ સ્થળોએ રોકડેથી મળે છે.

# શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપુજક બોર્ડીંગ.

સદ્‌ગૃહસ્થો! અમદાવાદ જેવા વિદ્યાના ઉત્તમક્ષેત્રમાં બોર્ડીંગની ઘણા વખતથી જરૂર હતી તે **શેઠ લલ્લુભાઇ રાયચંદ** તથા બીજા સદ્‌ગૃહસ્થોએ મળી **મુનિમહારાજ શ્રીબુદ્ધિસાગરજીના** સદુપદેશથી પુરી પાડેલી છે. આ બોર્ડીંગ સંવત ૧૯૬૨ના આસો સુદી ૧૦, વિજયા દશમીના શુભ દિવસે સ્થાપન કરવામાં આવી છે. તેની સ્થાપનાની શુભ ક્રીયા મરહુમ **શેઠ જેસંગભાઈ હઠીસંગના** શુભ હસ્તે કરવામાં આવી હતી. હાલમાં આસરે ૪૦ ગામના મળી સો જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. દરરોજ એક કલાક તેમને ધાર્મિક શિક્ષણ અપાય છે તથા તેઓની નીતિ તથા આચાર વિચાર ઉપર પણ બનતી સંભાળ રાખવામાં આવે છે, કેળવણીનો ફેલાવો કરવાને અને વિદ્યાર્થીઓને ભણવામાં સહાય આપવાને બોર્ડીંગ જેવી સંસ્થા એ ઉત્તમમાં ઉત્તમ યોજના છે. આ જે બોર્ડીંગ હાલમાં અમદાવાદમાં ચાલે છે તેનું ફંડ પ્રમાણમાં ઘણું નાનું છે અને તેથી આવકના સાધનો પણ બોર્ડીંગ જેવી સંસ્થા માટે પુરતાં નથી. આવી સંસ્થા માટે એક મોટા ફંડની જરૂર છે તેમજ તેને એક સારા હવાવાળા અને વિદ્યાર્થીઓને બધી રીતે અનુકુળ થઈ પડે એવી કસરતશાળાવાળા મકાનની પણ ખાસ જરૂર છે. ઘણા વિદ્યાર્થીઓને જગ્યાના તથા ફંડના અભાવે પાછા કાઢવામાં આવે છે. જો તેનું ફંડ વધે તો ઉપર જણાવેલો લાભ પણ મળી શકે અને એક સારૂં મકાન પણ તે વાસ્તે ખરીદી કે બંધાવી શકાય.

આ કામ કોઈ અમુક વ્યક્તિ કે જ્ઞાતિનું નથી; પણ આખા જૈન સંઘનું છે. દરેક જૈને આ કાર્યમાં પોતાનાથી બનતી મદદ કરવી ઘટે છે.

"પંચકી લકડી અને એકકા બોજ" તે પ્રમાણે લગ્ન આદિ જુદે જુદે પ્રસંગે દરેક સામાન્ય મનુષ્ય પણ "ફુલ નહિ તો ફુલની પાંખડી" જો પોતાનાથી બને તે પ્રમાણે આ સંસ્થાને મદદ કરતા રહેતો ઘણા થોડા વખતમાં આ બોર્ડીંગમાં ઘણો સુધારો વધારો થઇ શકે.

વળી આ બોર્ડીંગને મદદ કરવાને એક બીજો પણ ઉત્તમ માર્ગ છે તે એ કે બોર્ડીંગના લાભાર્થે આ "બુદ્ધિપ્રભા" નામનું માસિક ગયા એપ્રીલની ૧૫ મી તારીખથી નીકળે છે. તેમાં **મુનિ શ્રી બુદ્ધિસાગરજી**ના તથા બીજા કેટલાક વિદ્વાનોના લેખો પ્રગટ થાય છે. આ માસિકમાંથી જે નફો રહેશે તે બધો બોર્ડીંગને મળવાનો છે. માટે આપ જરૂર તે નિમિત્તે એક રૂપિયો ખરચશો. એક રૂપિયામાં તમે આવી ઉત્તમ સંસ્થાને લાભ આપવાનો હિસ્સો આપી શકશો માટે તેના ગ્રાહક થઇ આભારી કરશો તથા પોતાના મિત્ર મંડળને તેના ગ્રાહક થવા ભલામણ કરશો એવી આશા રાખીએ છીએ. લી.

**વકીલ મોહનલાલ ગોકળદાસ બી. એ. એલ. એલ. બી.**
**ઓનરરી સેક્રેટરી, શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ.**